વ્યાકરણ

ગુજરાતી વ્યાકરણ કરતી વખતે ધ્યાનમાં રાખવા જોગ નિયમો. (તેની સાથે પદચ્છેદના થોડા નમુના.)

ગુજરાતી ત્રીજા તથા ચોથા ધોરણ માટે.

:o:

રચનાર

હોરમસજી ખ. ધાબર.

મુંબાઇ, કોટની મ્યુનિસિપાલ ગુજરાતી સ્કૂલ (નાં૦ ૧ લા)ના હેડ માસ્તર.

સુધારનાર:—રા. અંબાલાલ બુ. જાની, બી. એ., "ગુજરાતી"ના તંત્રીના સહાયક.

છપાવી પ્રસિદ્ધ કરનાર:—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની,

પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ, મુંબઇ.

૧૯ મી આવૃત્તિ] [૧૯૩૦.

વ્યાકરણ

ગુજરાતી વ્યાકરણ કરતાં ધ્યાનમાં રાખવા જોગ નિયમો.

(તેની સાથે પદચ્છેદના ચા. નમુના.)

ગુજરાતી ત્રીજા તથા ચોથા ધોરણ માટે

રચનાર

હોરમસજી મ. ધાબર,

મુંબાઇ, કોટની મ્યુનિસિપાલ ગુજરાતી સ્કૂલ
(નાં૦ ૧ લા) ના હેડ માસ્તર

સુધારનાર

અંબાલાલ બુ. જાની, બી. એ.

'ગુજરાતી'ના તંત્રીના સહાયક

છાપી પ્રસિદ્ધ કરનાર:-

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની,

પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી રોડ, મુંબઇ.

૧૯ મી આવૃત્તિ] કિમ્મત ચાર આના [૧૯૩૦.

ધી ગુજર્ર ગૌરવ પ્રિન્ટિંગ પ્રેસ, ખેતવાડી ૧૦ મી ગલી, ગીરગામ,
મુંબઈ નં. ૪માં પી. યુ. દાસે છાપ્યું.

પ્રસ્તાવના

નિશાળોમાં શીખવાતી બધી બાબતોમાં છોકરાઓને પદચ્છેદ ઘણું કઠણ લાગે છે. પણ જો શિક્ષક પદચ્છેદ કરવામાં જે જે બાબત ધ્યાનમાં રાખવાની છે, તે તે સર્વ છોકરાઓનાં મન ઉપર પહેલાં ઠસાવે, તો પછી દરેક શબ્દનું પદચ્છેદ કંઈ પણ ગુંચવણ વગર તેઓ કર્યાં જશે.

"ડાહ્યા છોકરાએ કામ કર્યું"—હવે જ્યારે કોઈ છોકરો એ શબ્દોનું પદચ્છેદ કરે, તે વખતે તેને આવી રીતે સવાલ પૂછવા: 'ડાહ્યા' વિશેષણ શા માટે? નરજાતિ કેમ થઈ? 'કર્યું' ત્રીજો પુરૂષ શા માટે? કર્મણિપ્રયોગ કેમ થયો? એનો કર્તરિપ્રયોગ બનાવ. આ પ્રમાણે સવાલ પૂછવાથી છોકરાઓના મનમાં વ્યાકરણના નિયમો હમ્મેશાં તાજા રહેશે.

ત્રીજા ધોરણમાં છોકરાઓને માત્ર શબ્દના વર્ગ જ ઓળખતાં શીખવાના છે. તેથી તેમને વ્યાકરણની કલમ ૨૨ થી ૨૭ મી કલમ સુધી સમજ પાડી મોંઢે કરાવવી; તેમાં જો તેઓ દરેક વર્ગના દાખલા મોંઢે કરશે, તો વાંચવાની ચોપડીમાંથી શબ્દના વર્ગ ઓળખતાં તેમને અડચણ પડશે નહી.

આ વ્યાકરણ માટે ટેલર સાહેબના, હોપ સાહેબના, રા૦ રા૦ હરગોવિંદ તથા લાલશંકરના અને રાવ સાહેબ મહિપતરામના વ્યાકરણોની મેં ઘણી મદદ લીધી છે.

હો. ખ. ધાબર.

સાંકળિયું

સાંકળિયું—ચાલુ

સાંકળિયું—ચાલુ

ગુજરાતી ભાષાનું વ્યાકરણ

---

૧. **ભાષા**—જે સ્પષ્ટ ઉચ્ચાર (વાણી) વડે માણસો પોતાનો મનોભાવ (પોતાના મનના વિચારો) બોલીને અગર લખીને એક બીજાને જણાવે છે, તેને **ભાષા** કહે છે.

૨. **વ્યાકરણ**—ભાષા કેવી રીતે શુદ્ધ બોલવી તથા લખવી, તેના નિયમોના શાસ્ત્ર અગર વિદ્યાને **વ્યાકરણ** કહે છે.

વ્યાકરણ—(**વિ**+**આ**+**કૃ**=સ્પષ્ટ કરવું+**અન**=ક્રિયાવાચક પ્રત્યય) શબ્દોની શુદ્ધિના નિયમો, તેમ જ પદોના વર્ગ, પ્રકાર, સંબંધ વગેરેના વર્ણનનો જેમાં સમાવેશ હોય તે વિદ્યા.

૩. ગુજરાતી ભાષાના વ્યાકરણના ત્રણ ભાગ છે: ૧ અક્ષરવિચાર, ૨ શબ્દવિચાર અને ૩ વાક્યવિચાર.

૪. આપણા મુખે કરીને જે જૂદા જૂદા અને ટુંકા ટુંકા ઉચ્ચારો થાય છે, તે ઉચ્ચારોને **અક્ષર** કહે છે.

૫. એક અથવા વધારે અક્ષર સાથે આવ્યાથી કાંઈ પણ અર્થ ઉત્પન્ન થાય, તો એ એક અગર એ સામટા અક્ષરોને **શબ્દ** કહે છે.

અક્ષર કે અક્ષરોના શબ્દ બને છે. પણ ગમે તેમ અક્ષરો એકઠા લખવાથી કે બોલવાથી તેમાંથી કોઈ અર્થ નીકળતો નથી. દા. ત. કખ, ગક, ચન, ઘખ. પણ ચોક્કસ સમજથી અક્ષરો ભેગા લખવાથી કે

બોલવાથી ધારેલો અર્થ નીકળે છે. દા. ત. પગ, ગજ, કમળ, કપટ, વગેરે.

૬. એક અથવા વધારે શબ્દ મળ્યાથી બોલનારના મનના વિચારનો પૂરેપૂરો અર્થ ઉત્પન્ન થાય, (એટલે કે સામો માણસ તે વિચાર સમજી શકે) તો તે શબ્દ અગર સામટા શબ્દોને **વાક્ય** કહે છે.

૭. ભાષામાં અક્ષર કેટલા છે, એ અક્ષરો કેવી રીતે લખાય છે અને તે ક્યાં ક્યાં સ્થાનથી બોલાય છે, તે **અક્ષરવિચાર** શીખવે છે.

૮. શબ્દોના વર્ગો અને તેઓનાં જૂદાં જૂદાં રૂપો કેમ થાય છે, તે **શબ્દવિચાર** શીખવે છે.

૯. શી રીતે શબ્દરચના કરી વાક્ય બનાવવું, તે **વાક્યવિચાર** શીખવે છે.

અક્ષરવિચાર

૧૦. **અક્ષરવિચાર**—અક્ષરના બે ભાગ છે: ૧ **મૂળાક્ષર** અને ૨ **જોડાક્ષર.**

૧૧. **મૂળાક્ષર**—બે પ્રકારના છે: ૧ **સ્વર** અને ૨ **વ્યંજન.**

૧૨. **સ્વર**—જે અક્ષરોના ઉચ્ચાર બીજા અક્ષરની મદદ વિના થઈ શકે છે, તેને **સ્વર** કહે છે. (સ્વર હમ્મેશાં આખા જ, હોય છે, એટલે કે કદિ ખોડા હોતા નથી.)

૧૩. **વ્યંજન**—જે અક્ષરનો ઉચ્ચાર સ્વરની સહાયતા વિના થતો નથી, તેને **વ્યંજન** કહે છે. **વ્યંજન**—વિ=વિશેષ+અંજન=

મેળવણી; જેના ઉચ્ચાર માટે સ્વરની મેળવણીની જરૂર પડે તે અક્ષર વ્યંજન કહેવાય છે. આથી વ્યંજન ખોડા હોય છે.

૧૪. નીચેના અક્ષરો સ્વર છે—અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ—અ, ઇ, ઉ, હ્રસ્વ છે; અને બાકીના દીર્ઘ છે.

ગુજરાતી ભાષામાં **૧૨** સ્વર છે; સંસ્કૃત ભાષામાં ऋ, ॠ, ऌ, એ ત્રણ સ્વર વધુ હોય છે. ગુજરાતી ભાષામાં હવે ऋ (હ્રસ્વ) વપરાવા લાગ્યો છે; પણ ॠ, ऌ વપરાતા નથી.

કેટલાક અં, અઃ ને સાદા સ્વર નથી ગણતા, અને તેથી તેઓ ૧૦ સ્વર ગણે છે.

હ્રસ્વ અને **દીર્ઘ** એ સ્વરના જ વિભાગ છે, વ્યંજનના નહીં; વ્યંજન હ્રસ્વ કે દીર્ઘ કહી શકાતો નથી.

૧૫. નીચલા અક્ષરો વ્યંજન છે—ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્, ળ્.

વ્યંજન ૩૪ છે. ક્ થી ળ્ સુધીના અક્ષરો એની મેળે બોલાતા નથી.

લિપિ બે પ્રકારની છે: ૧ ગુજરાતી અને ૨ બાળબોધ અગર દેવનાગરી.

બાળબોધ લિપિ—સ્વર–अ, आ, इ, ई, उ, ऊ ऋ, ॠ, ऌ, ए, ऐ, ओ, औ, अं, अः

વ્યંજનઃ क, ख्, ग्, घ, ङ, च्, छ्, ज, झ्, ञ, ट, ठ्, ड, ढ्, ण्, त्, थ, द्, ध, न्, प्, फ, ब्, भ्, म्, य्, र्, ल, व, श्, ष, ह्, ळ्.

૧૬. અક્ષરોનાં નીચે પ્રમાણે **સ્થાન** થાય છેઃ—

કંઠસ્થાની......... ક્, ખ્, ગ્, ઘ્, ઙ, હ્, અ, આ.
તાલુસ્થાની......... ચ્, છ્, જ્, ઞ, ય, શ્, ઇ, ઈ.
મૂર્દ્ધસ્થાની......... ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ર્, ષ્, ળ્, ઋ.
દંતસ્થાની......... ત્, થ્, દ્, ધ્, ન્, લ્, સ્,
ઓષ્ઠસ્થાની......... પ્, ફ્, બ્, ભ્, મ્, ઉ, ઊ.
કંઠતાલવ્યસ્થાની.. એ, ઐ.
કંઠોષ્ઠસ્થાની....... ઓ, ઔ.
દંતોષ્ઠસ્થાની....... વ્.

૧૭. સ્વરો જ્યારે વ્યંજન સાથે લખાય છે, ત્યારે નીચે પ્રમાણે તેમના આકાર થાય છેઃ—

	અની નિશાની નથી.........	ક્ + અ=ક.
ા	કાનો.........................	ક્ + આ=કા.
િ	હ્રસ્વ અજણુ..................	ક્ + ઇ=કિ.
ી	દીર્ઘ અજણુ...................	ક્ + ઈ=કી.
ુ	હ્રસ્વ વરડુ...................	ક્ + ઉ=કુ.
ૂ	દીર્ઘ વરડુ....................	ક્ + ઊ=કૂ.
ૃ	ઋકાર.........................	ક્ + ઋ=કૃ.
ે	એક માત્રા.....................	ક્ + એ=કે.
ૈ	બે માત્રા......................	ક્ + ઐ=કૈ.
ો	કાનો માત્રા...................	ક્ + ઓ=કો.
ૌ	કાનો બે માત્રા..............	ક્ + ઔ=કૌ.
	અનુસ્વાર......................	ક્ + અં=કં.

આવી રીતે વ્યંજનો જોડાયલા હોય, તો તેને **બારાખડી** કહે છે. બાર સ્વરો વ્યંજન સાથે ભેળવાય છે, તેથી તે બાર-અક્ષરી, બારાક્ષરી, બારાખડી કહેવાય છે.

૧૮. અક્ષરની ઉપર જે (ં) મિંડું મૂકાય છે તે **અનુસ્વાર** કહેવાય છે.

અક્ષરથી જમણે હાથે જે બે મિંડાં મૂકાય છે તે **વિસર્ગ** કહેવાય છે; એનો ઉચ્ચાર હ્ જેવો થાય છે. (દુઃખ.)

અનુસ્વાર (ં) અને વિસર્ગ (ઃ) સ્વર પછી જ આવે છે, **વ્યંજન** પછી આવતા નથી; અનુસ્વાર સ્વરને માથે અને વિસર્ગ સ્વરની આગળ મૂકાય છે.

૧૯. ઙ, ઞ, ણ, ન, મ, એ પાંચ **અનુનાસિક** છે, કારણ કે તેમનો ઉચ્ચાર નાકવાટે થાય છે.

૨૦. બે કે વધારે અક્ષરો સાથે મળે, તો તેને **સંધિ** કહે છે.

સંધિના ચાર પ્રકાર છેઃ—૧ સ્વરસંધિ, ૨ વ્યંજનસંધિ, ૩ અનુસ્વારસંધિ અને ૪ વિસર્ગસંધિ.

સ્વર ને સ્વર મળે, તો **સ્વરસંધિ.** જેમકે, શબ્દ+અર્થ=શબ્દાર્થ; ગંગા+ઉદક=ગંગોદક; પ્રતિ+એક પ્રત્યેક. (આમાં અ+અ, આ+ઉ અને ઇ+એ—ની સંધિ થયલી છે.)

વ્યંજન વ્યંજન સાથે મળે, તો વ્યંજનસંધિ; જેમકેઃ— જગત્+પતિ=જગત્પતિ, અધ્+શેર=અચ્છેર.

અનુસ્વાર પછી કોઇ અક્ષર આવે, તો તે બેના મળવાથી જે

રૂપ થાય, તેને **અનુસ્વારસંધિ** કહે છે; જેમકેઃ—સં + આચાર= સમાચાર; સં + તાપ=સંતાપ.

વિસર્ગ પછી બીજો કોઇ અક્ષર આવે, તો તે બેના મળવાથી જે રૂપ બને, તેને **વિસર્ગસંધિ** કહે છે; જેમકેઃ—નિઃ + દય=નિર્દય; નિઃ + આધાર=નિરાધાર.

૨૧. જ્યારે બે અથવા વધારે વ્યંજન સાથે આવે અને તે વ્યંજનની વચ્ચે કોઇ સ્વર ન હોય, ત્યારે **જોડાક્ષર** થાય છે. એ **સંયુક્ત વ્યંજન** પણ કહેવાય છે. વ્યંજન અને સ્વર મળે તે જોડાક્ષર ન કહેવાય, પણ વ્યંજન અને વ્યંજન મળે તે જોડાક્ષર કહેવાય.

જેમકેઃ—ક્ અને ક=ક્ક, ક્ અને ત=ક્ત, ક્ અને ર=ક્ર, ત્ અને ત=ત્ત, ત્ અને ન=ત્ન, ત્ અને ય=ત્ય, ત્ અને ર=ત્ર, સ્ અને ત=સ્ત; સ્, ત્ અને ર=સ્ત્ર, હ્ અને ય=હ્ય, ડ્ અને ઢ=ડ્ઢ, ષ્ અને ટ=ષ્ટ, ર્ અને મ=ર્મ

શબ્દવિચાર

૨૨. ગુજરાતી ભાષાના શબ્દોના મુખ્ય પાંચ વર્ગ છેઃ—૧ નામ, ૨ સર્વનામ, ૩ વિશેષણ, ૪ ક્રિયાપદ અને ૫ અવ્યય.

૨૩. **નામ**—જે શબ્દથી કોઇ પણ પ્રાણી, વનસ્પતિ, વસ્તુ, ગુણ, ક્રિયા વગેરે ઓળખાય, તે શબ્દને **નામ** કહે છે.

જેમઃ—માણસ, ઘોડો, બકરો, કાગડો, જૂ, તીડ, ઉધઇ, વડ, ચોપડી, ઘર, સુરત, વનરાજ, રતાશ, મોટાઈ, વગેરે.

નામના બીજા દાખલા:—ખેડુત, માછલી, અનાજ, ફળ, કેરી, ભાજી, બોર, ઘી, ખાંડ, રણછોડ, તાપી, હિમાલય, સિદ્ધરાજ, વાત, કાયદા, નુકસાન, ફાયદો, ડહાપણ, વિચાર.

૨૪. **સર્વનામ**—જે શબ્દ નામને બદલે મૂકવામાં આવે છે, તેને **સર્વનામ** કહે છે.

જેમકે:-તેણે પૈસા આપ્યા; હું આવું છું; તું પાઠ વાંચે છે; આ દાખલામાં, તેણે, હું, તું, એ સર્વનામ છે.

સર્વનામના બીજા દાખલા:—હું, મને, મેં, મારે, મારાથી, મારો, મારામાં, મુજને, અમે, અમને, અમારે, અમારાથી, અમારો, અમારામાં, આપણ, આપણે, તું, તમે, તારે, તારાથી, તારો, તારામાં, તુજને, તમે, તમને, તમારે, તમારાથી, તમારો, તમારામાં, તેં, તેને, તેણે, તેથી, તેનો, તેમાં, તેઓ, તેમને, તેમણે, તેઓએ, તેઓને, તેઓથી, તેમનો, તેઓમાં, આપ, પોતે, કોણ, આ, એ, પેલો, ઓલ્યો, ફલાણો, શું, કયો, જે, કોઈ, કેટલા, સર્વ, સઘળા.

૨૫. **વિશેષણ**—જે શબ્દ નામનો ગુણ બતાવે, તે શબ્દને **વિશેષણ** કહે છે.

જેમ:—મોટો છોકરો, બે માણસ, હુશીઆર છોકરી, પેલો ઘોડો, આ ગાય, કેટલા માણસ, કીયો ઘોડો.

વિશેષણના બીજા દાખલા:—થોડું, ભલો, ધોળું, લાલ, કાળું, નાનો, ઊંચું, અભણ, સોનેરી, ઉદ્યોગી, ઢોંગી, સ્વાર્થી, આળસુ, મહેનતુ, પરગજુ, એક, બે, પહેલું, બીજું, જેટલા, જેવડું.

૨૬. **ક્રિયાપદ**—કોઈ પ્રાણી અથવા ચીજ શું કરે છે, અથવા કેવી સ્થિતિમાં છે, તે પૂરેપૂરૂં જણાવનાર શબ્દને **ક્રિયાપદ** કહે છે.

જેમકે:—રાજા બેઠો છે; છોકરી વાંચે છે; ગાયે પાણી પીધું; હું કાલે ગામ જઈશ.

ક્રિયાપદના બીજા દાખલા:—કહે, કહે છે, કહ્યું, કહેશે; કર, કરે છે, કર્યું, કરશે; ખા, ખાય છે, ખાધું, ખાશે; કાઢ, કાઢે છે, કાઢયું, કાઢશે; વાંચ, વાંચે છે, વાંચ્યું, વંચાશે; કૂદ, કૂદે છે, કૂદયું, કૂદશે; થા, થાય છે, થયું, થશે; રહે, રહે છે, રહ્યું, રહેશે; આવ, આવે છે, આવ્યું, આવશે.

કૃદંત—ક્રિયાપદના ધાતુને કાંઈ પ્રત્યય લાગીને જે જૂદા જૂદા શબ્દ થાય છે, તેને **કૃદંત** કહે છે. કૃદંતમાં ક્રિયાપદના જેવો પૂરો અર્થ રહેતો નથી.

કૃદંતના દાખલા:—વાંચવા, વાંચવી, વાંચવું, વાંચવો, વાંચતાં, વાંચતી, વાંચતું, વાંચતે; વાંચેલા, વાંચેલી, વાંચેલું, વાંચેલો, વાંચી, વાંચીને, વાંચ્યાથી, વાંચ્યામાં, વાંચ્યાંને, વાંચ્યા પછી.

૨૭. **અવ્યય**—જે શબ્દના રૂપમાં કાંઈ ફેરફાર થતો નથી, (એટલે કે જે શબ્દને જાતિ, વિભક્તિ અથવા વચન લાગતું નથી), તેને અવ્યય કહે છે.

જેમ:- અથવા, પણ, ને, અને સારૂ, માટે, ના, નહી, રે, અહો, અરે, પછી, આગળ, નહી તો, કેમકે, કદાચ, એટલે, અગર, જો, કે, જે, તો, જો, અગર, પરંતુ, એમને, તો પણ, કારણ કે, વળી, વાસ્તે, અગાઉ, અંદર, આગળ, ઉપર, કને, ગમ, જોડે, તરફ, નીચે, પૂઠે,

પાછળ, પાસે, પહેલાં, બાહાર, વતી, કરતાં, વડે, લીધે, કરીને, બદલે, હમણાં, અત્યારે, ક્યારે, જ્યારે, ત્યારે, હવે, હમ્મેશાં, આજ, વળતી, હજી, તરત, પ્રથમ, આજ રે, રોજ, નિત્ય, વારંવાર, ત્યાં, જ્યાં, ક્યાં, હ્યાં, આમ, તેમ, એમ, જેમ, કેમ.

નામ

૨૮. નામ ત્રણ જાતનાં છે:—૧ વિશેષનામ, ૨ સામાન્યનામ અને ૩ ભાવવાચક નામ.

૨૯. **વિશેષ નામ**—ચોક્કસ જગ્યા અથવા ચોકક્સ માણસને જે નામ આપેલું હોય, તેને **વિશેષ નામ** કહે છે. વિશેષ નામમાં માણસનાં નામ, ખંડ, શેહેર, દેશ, ગામ, પહાડ, નદી, ટાપુ વગેરેનાં નામ, (નકશામાં જે નામો આવેલાં હોય તે) અને કોઈ ચીજનાં અથવા પ્રાણી કે પક્ષીનાં ખાસ નામ આવે છે.

જેમ:–નરોત્તમ, કાવસજી, એશિઆ, અમદાવાદ, ગિરનાર, તાપી, કોહીનુર, લક્ષદીવ, લંકા, સુમાત્રા.

૩૦ **સામાન્ય નામ**:—એક વર્ગની કોઈપણ ચીજને જે નામ લાગે તે સામાન્ય નામ કહેવાય છે.

જેમ:–શેહેર, બ્રાહ્મણ, માણસ, સોનું, હીરો, વર, ઘોડો, ફળ, ગગન, લશ્કર, મેદિની, કંઠ, વગેરે.

જે નામને હાથ લગાડી શકીએ અથવા જોઇ શકીએ, તે સામાન્ય નામ છે. આ નામો જાતિ, સમુદાય કે દ્રવ્યનાં વાચક હોય છે

૩૧. **ભાવવાચક નામ**--ગુણનાં નામો અથવા જે નામો

આપણે જોઈ શકતા નથી અથવા જેને હાથ લગાડી શકતા નથી, તે નામો **ભાવવાચક નામ** કહેવાય છે. આવાં નામો ભાવ એટલે સ્થિતિ, ગુણ, કે ક્રિયા જણાવે છે.

જેમઃ–મીઠાશ, ગરમી, ઠંડક, મોટાઈ, રતાશ, શ્રાતન, વિદ્યા, મદદ, માર, ખપ, આળસ, આનન્દ, દિલગીરી વગેરે.

૩૨. જે નામને **પણ** કે **પણું**, **તા** કે **ત્વ** પ્રત્યય લાગેલો હોય, તે નામ ઘણુંખરું ભાવવાચક હોય છે. જેમઃ–ગળપણ, શાણપણ, મોટપણ, ડહાપણ, સગપણ, ઘડપણ, દાસપણું, કવિપણું, જંગલીપણું, નમ્રતા, મહત્વ.

જાત

૩૩. જાતિ ત્રણ છેઃ—૧ નરજાતિ, ૨ નારીજાતિ, અને ૩ નાન્યતરજાતિ.

૩૪. **નરજાતિ**—જે નામ નરની પેઠે બોલાય, અથવા જેને કેવા કે કેવા એ વિશેષણ લાગે છે, તે **નરજાતિ** છે.

જેમ—છોકરો, પાઠ, વાઘ, કૂવો, હુકમ, ધર્મ, રાજા, લાડુ, ખડીઓ, ગડગડાટ, સોમ, માગશર, હિમાલય, ભાઈ, માળી, મહિના, છોકરા, ચોપડો.

૩૫. **નારીજાતિ**—જે શબ્દ નારી અથવા સ્ત્રીની માફક બોલાય અથવા જેને કેવી એ વિશેષણ લાગે તે **નારીજાતિ** છે.

જેમઃ—વાડી, કેરી, ચોપડી, શિખામણ, જુ, વાત, ગંગા, ગાય, લેખણ, માયા, ખો, જળો, સાંજ, પૃથ્વી, પ્રજા, સત્યતા, ગરબડ, છાશ, તપેલી, વાગોળ.

૩૬. **નાન્યતરજાતિ**—જે શબ્દ નર અથવા નારીજાતિનો ન હોય અથવા જેને કેવું કે કેવાં એ વિશેષણ લાગે, તે **નાન્યતરજાતિ** છે. (ન=નહી અને અન્યતર=બેમાંથી એક નર અને નારી બેમાંનું નહી તે.)

જેમઃ—જંગલ, મેદાન, જનાવર, છોકરૂં, છાપરૂં, ડહાપણ, લીંબુ, પશુ, અમદાવાદ, ઘી, મરી, મ્હોં, છોકરાં, વરસો, ઘુવડ, માખણ.

૩૭. ઘણું કરીને જે નામને છેડે ઓ કે આ હોય, તે નરજાતિ, તેને છેડે ઇ કે ઈ હોય તે નારીજાતિ, અને જેને છેડે ઉ કે આં લાગે તે નાન્યતરજાતિ છે.

૩૮. **સામાન્યજાતિ**—જે શબ્દની જાતિ નર, નારી, કે નાન્યતર નહી માલમ પડે, તેની **સામાન્યજાતિ** જાણવી.

જેમઃ—હું તને રૂપીઓ આપું છું; કોઇ આવે છે; આ દાખલામાં હું, તને અને કોઇ સામાન્ય જાતિમાં છે.

વચન.

૩૯. વચન બે છે; એકવચન અને બહુવચન.

૪૦. **એકવચન**—જે શબ્દમાં એકપણાનો અર્થ હોય અથવા જે શબ્દ એક જ ચીજ બતાવે, તે **એકવચન** છે.

જેમઃ—છોકરો, ચોપડી, ઘડીઆળ, ઘોડો, ટેબલ, કૂતરૂં, આડણી, ચકલી, વરૂ.

૪૧. **બહુવચન**—જે શબ્દમાં એક કરતાં વધારે ચીજનો અર્થ આવે છે, અથવા જે શબ્દ એક કરતાં વધારે ચીજ દેખાડે છે, તે **બહુવચન** છે.

જેમ:—છોકરાઓ, ચોપડીઓ, ઘડીઆળો, વડવાઇઓ, લાકડાં, વાંદરાં, પતરાળાં, દાણા.

૪૨. નરજાતિના જે નામને છેડે ઓ કે યો આવે છે, તે ઓ અને યો નો બહુવચનમાં આ કે યા થાય છે

જેમ:—છોકરો, છોકરા કે છોકરાઓ; ઘોડો, ઘોડા કે ઘોડાઓ; બળદીઓ—બળદીયા; વાઘરી—વાઘરી કે વાઘરીયો.

૪૩. નાન્યતરજાતિના નામને છેડે ઉં આવેલો હોય, તેનું બહુવચન આં–થી થાય છે.

જેમ:—ઇંડું—ઇંડાં;—છોકરું—છોકરાં;—કૂતરું—કૂતરાં.

૪૪. જે નામ નેછેડે ઈ આવે, તેનું બહુવચન ઓ ઉમેરવાથી થાય છે. જેમ:—હાથી—હાથીઓ, માળી—માળીઓ.

૪૫. વાળ, જુવાર, દાણો, પાણી, ગોળ, ખાંડ, રુ, સોનું, રૂપું, ડહાપણ, નીતિ, ઇચ્છા, વગેરે નામો એકવચનમાં જ વપરાય છે, પણ જ્યારે પદાર્થની જૂદી જૂદી જાતો દેખાડવી હોય, ત્યારે ઉપલાં નામો બહુવચનમાં આવે છે.

જેમ:—મેં એ કૂવાનાં પાણી પીધાં.

ભાવવાચક, એટલે ગુણસ્થિતિ કે ક્રિયા દાખવનારાં નામ, અને તે એકવચનમાં વપરાય છે. વિશેષનામ પણ એકવચનમાં હોય છે. સમૂહ વા જથ્થો બતાવનારાં નામ એકવચનમાં હોય છે.

૪૬. મરી, તલ, ઘઉં, મગ, અડદ, ફાંફાં, આંતરડાં વગેરે નામો બહુવચનમાં જ રહે છે.

૪૭. માનાર્થે બહુવચન **વપરાય છે.** મહેતાજી આવ્યા; સાકુરામ પધાર્યા.

વિભક્તિ

૪૮. **વિભક્તિ**—વાક્યમાં દરેક શબ્દ એકબીજાની (નામ સર્વનામ કે ક્રિયાપદની) સાથે જે સંબંધ રાખે છે અને તે સંબંધ જે પ્રત્યયથી જણાય છે, તે પ્રત્યયને **વિભક્તિ** કહે છે.

પ્રત્યય—શબ્દને જમણે હાથે એક અથવા વધારે અક્ષર મૂકવામાં આવે છે, તેને **પ્રત્યય** કહે છે; ઘરમાં, છોકરાંને, વાડીમાંથી, એ શબ્દોમાં માં, ને, માંથી, એ **પ્રત્યય** છે.

ઉપસર્ગ—શબ્દને ડાબે હાથે એક કે વધારે અક્ષર મૂકવામાં આવે, તે **ઉપસર્ગ** કહેવાય છે; ગેરહાજર એમાં ગેર ઉપસર્ગ છે. પ્રવાસ, ઉપવાસ, એ શબ્દોમાં પ્ર અને ઉપ, એ ઉપસર્ગ છે.

૪૯. વિભક્તિ સાત છેઃ પેહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી.

૫૦. પેહેલી વિભક્તિનો પ્રત્યય કાંઇ નથી.

બીજીનો પ્રત્યય ને.

ત્રીજીનો પ્રત્યય એ.

ચોથીનો પ્રત્યય ને.

પાંચમીનો પ્રત્યય થી, થકી.

છઠ્ઠીનો પ્રત્યય નો, ની, નું, ના, નાં.

સાતમીનો પ્રત્યય માં અને એ.

ને પ્રત્યય બીજી અને ચોથીનો છે; અને એ પ્રત્યય ત્રીજી અને સાતમીનો છે.

સાતમી વિભકિતના પ્રત્યય એ—નો અર્થ ઉપર આગળ, માં, થતો હોય, તો તે નામની વિભકિત સાતમી કરવી, નહી તો ત્રીજી કરવી.જેમઃ—રાજા ગાદીએ બેઠો; તે ઘોડે બેસી આવ્યો; વીજળી બારીએ ઉભી હતી; તે ચીજ ઘણે ઠેકાણે મળે છે. આમાં એ સાતમી વિભકિતનો પ્રત્યય છે. ઘોડે લાત મારી, સોટીએ માર માર્યો; આમાં એ ત્રીજી વિભકિતનો પ્રત્યય છે.

બીજીનો પ્રત્યય ને છે અને ચોથીનો પ્રત્યય ને છે, માટે જે નામને ને લાગ્યો હોય, તે નામની પછી માટે, કાજે, વાસ્તે, સારૂ, લીધે, એવા શબ્દ આવ્યા હોય, તો તે નામની ચોથી વિભકિત કરવી. જેમઃ—રણછોડને માટે ચોપડી લાવજો; મેહેતાજીએ છોકરાને સારૂ કલમ આણી.

૫૧. નામને એકવચન અને બહુવચનમાં વિભકિતના પ્રત્યય આ પ્રમાણે લાગે છેઃ—

	એકવચન.	બહુવચન
૧ લી વિ૦	ચોપડી....................	ચોપડીઓ.
૨ જી વિ૦	ચોપડીને................	ચોપડીઓને.
૩ જી વિ૦	ચોપડીએ...............	ચોપડીઓએ.
૪ થી વિ૦	ચોપડીને................	ચોપડીઓને.
૫ મી વિ૦	ચોપડીથી...............	ચોપડીઓથી.
૬ ઠી વિ૦	ચોપડીનો,ની,નું,ના,નાં...	ચોપડીઓનો,ની,નું,ના,નાં
૭ મી વિ૦	ચોપડીમાં...............	ચોપડીઓમાં.

એકવચન.	બહુવચન
૧ લી વિ. ઘોડો	ઘોડા, ઘોડાઓ
૨ જી વિ. { ઘોડા / ઘોડાને }	{ ઘોડા ઘોડાને; / ઘોડાને ઘોડાઓને }
૩ જી વિ. ઘોડાએ,	ઘોડાએ, ઘોડાઓને.
૪ થી વિ. ઘોડાને	ઘોડાને, ઘોડાઓને.
૫ મી વિ. ઘોડાથી	ઘોડાથી, ઘોડાઓથી.
૬ ઠ્ઠી વિ. ઘોડાનો,ની,નું.	{ ઘોડાનો,ની,નું, / ઘોડાઓનો, ની, નું, }
૭ મી વિ. ઘોડામાં	ઘોડામાં, ઘોડાઓમાં.

૫૨. એક આઠમી વિભક્તિ છે, જેને સંબોધન કહે છે. એ વિભક્તિ, જ્યારે કોઈને નામ દઈ બોલવતા હોઈએ, ત્યારે વપરાય છે.

જેમઃ—ઈશ્વર, અખૂટ દોલત એને આપજો; છોકરા, થોડું પાણી લાવ; ભાઈ, કેમ રડે છે, બેટાઃ ઉમરાવોએ એને કહ્યું કે સાહેબ, એમને છોડવા ન જોઈએ; ન્યાયાધીશે કહ્યું, કુંવરજી, આવી બેઅદબી ને તોફાન અહીંઆં તમારે કરવું ન ઘટે. આમાં ઈશ્વર, છોકરા, સાહેબ અને કુંવરજીની આઠમી વિભક્તિ કહેવાય.

સર્વનામ.

૫૩. **સર્વનામ**—જે શબ્દ નામને બદલે મૂકવામાં આવે, છે, તે શબ્દને **સર્વનામ** કહે છે.

૫૪. સર્વનામના પાંચ વર્ગ કર્યા છેઃ ૧ પુરૂષ સર્વનામ,

૨ દર્શક સર્વનામ, ૩ પ્રશ્નાર્થક સર્વનામ, ૪ સંબંધી સર્વનામ, અને ૫ સામાન્ય કે અનિશ્ચિત સર્વનામ.

૫૫. **પુરૂષ સર્વનામ**—એ પહેલો, બીજો અને ત્રીજો એમ ત્રણ પુરૂષ બતાવે છે. જેમઃ—હું, તું, તે; અમો, આપણે; તમો; અને તેઓ.

૫૬. **દર્શક સર્વનામ**—એ પાસેના કે દૂરના પદાર્થો બતાવે છે. જેમઃ—આ, એ, પેલો, ઓલ્યો, તે.

૫૭. **પ્રશ્નાર્થક સર્વનામ**—પ્રશ્ન પૂછવામાં જે સર્વનામ વપરાય છે તે **પ્રશ્નાર્થક સર્વનામ** કહેવાય છે. જેમઃ—કોણ, કયો, શું, કેવડો, કેટલો.

૫૮. **સંબંધી સર્વનામ**—જે, તે, જેવડું, તેવડું જેટલું, તેટલું.

૫૯. **સામાન્ય કે અનિશ્ચિત સર્વનામ**—નકકીપણું નહી બતાવનારાં, અચોકકસ પદાર્થો બતાવનારાં સર્વનામ.

જેમઃ—કોઇ, કોઇએક, કંઈ, હરકોઇ, અમુક, ફલાણું, હરેક, દરેક, સર્વ, સહુ, કેટલા, સઘળા, બધું.

૬૦. હું પેહેલો પુરૂષ સર્વનામ; તું, બીજો પુરુષ સર્વનામ; અને તે ત્રીજો પુરુષ સર્વનામ છે. બોલનાર માણસ પોતાને માટે જે સર્વનામ વાપરે, તે **પેહેલો પુરૂષ** કહેવાય છે. બોલનાર માણસ વાત સાંભળનાર માણસને માટે જે સર્વનામ વાપરે, તે **બીજો પુરૂષ** સર્વનામ છે. બોલનાર માણસ બીજો કોઈ પુરુષ

અથવા ચીજ વિષે બોલતો હોય અને તેને માટે જે સર્વનામ વાપરે, તે **ત્રીજો પુરૂષ** સર્વનામ છે.

૬૧. આ ત્રણે સર્વનામ ત્રણે જાતિમાં સરખાં હોય છે. નારીજાતિમાં તેને બદલે તેણી કેટલાક વાપરે છે. પણ તે શિષ્ટ ગુજરાતી લેખાતું નથી.

૬૨. સર્વનામનાં રૂપ, એટલે સર્વનામને એકવચન અને બહુવચનમાં સાતે વિભક્તિના પ્રત્યયો લગાડવા તે.

સર્વનામને સંબોધન ન હોવાથી તેને આઠમી વિભક્તિ લાગતી નથી.

પેહેલો પુરૂષ (હું)

વિ૦	એકવચન	બહુવચન.
૧.	હું	અમે, અમો, આપણે.
૨.	*મને, મુજને, મારે	અમને, અમોને, અમારે, આપણને.
૩.	મેં, મારે	અમે, અમોને, અમારે, આપણે.
૪.	*મને, મુજને, મારે	અમને, અમારે, અમોને, આપણને.
૫.	*મારાથી, મુજથી	અમારાથી, અમોથી, આપણથી.
૬.	મારો,–રી,–રું, રા,–રાં, મુજ	અમારો,–રી,–રું,–રા,–રાં. આપણો,–ણી,–ણું,–ણા,–ણાં.
૭.	મારામાં, મુજમાં	અમારામાં, આપણામાં.

---

* હુંને, મુજને, હુંથી, હુંમાં, એવાં રૂપો પણ કવિતામાં અને ક્વચિત્ જ લખાણમાં વપરાય છે.

૬૩, બોલનાર માણુસ પોતાની સાથેનાં બીજાં માણસને પણ સામેલ કરીને બોલે છે, ત્યારે આપણુ અથવા આપણે એ રૂપ વાપરવામાં આવે છે. અમે=હું, અને તે; આપણે=હું અને તમે.

૬૪. બીજો પુરૂષ (તું)

વિ૰	એકવચન.	બહુવચન.
૧.	તું	તમે, તમો, આપ.
૨.	તને, તારે, તુજને	તમને, તમારે, આપને.
૩.	તેં, તારે	તમે, તમારે, આપે.
૪.	તને, તારે, તુજને	તમને, તમારે, આપને.
૫	તારાથી, તુજથી	તમારાથી, આપથી.
૬.	તારો,-રી,-રું,-રા,-રાં, તુજ,	તમારો,–રી,–રું,–રા,–રાં, આપનો.
૭.	તારામાં, તુજમાં	તમારામાં, આપમાં.

૬૫. મોટા માણુસની સાથે વાત કરવામાં તમેને બદલે આપ શબ્દ વાપરવામાં આવે છે.

૬૬. ત્રીજો પુરૂષ (તે)

વિ૰	એકવચન.	બહુવચન
૧.	તે	તેઓ, તે.
૨.	તેને	તેઓને, તેમને.

* તુંને, તુજને, તુંથી, તુમાં, એ રૂપો કવિતામાં અને કવચિત્ જ લખાણમાં પણ વપરાય છે.

વિ૦	એકવચન.	બહુવચન.
૩.	તેણે	તેઓએ, તેમણે.
૪.	તેને	તેઓને, તેમને.
૫.	તેથી, તેનાથી	તેઓથી, તેઓનાથી, તેમનાથી.
૬	તેનો,–ની,–નું,–ના,–નાં.	તેઓનો, તેમનો,–ની,–નું,–ના,–નાં.
૭.	તેમાં, તેનામાં	તેઓમાં, તેઓનામાં, તેમનામાં.

૬૭. જાતને માટે વપરાતાં સર્વનામ એ **સ્વાર્થ સર્વનામ** છે; જેમઃ પોતે, જાતે આ સર્વનામનાં એકવચન અને બહુવચનમાં રૂપ સરખાં છે અને તેને નીચે પ્રમાણે વિભક્તિ લાગે છેઃ–

૬૮. વિ૦ પોતેનાં રૂપ		૬૯. વિ૦ કોણનાં રૂપ	
૧.	પોતે.	૧.	કોણ.
૨.	પોતાને.	૨.	કોણને, કોને, કેને
૩.	પોતે.	૩.	કોણે, કેણે.
૪.	પોતાને.	૪.	કોણને, કોને, કેને.
૫.	પોતાથી, પોતાનાથી.	૫.	કોણથી, કોનાથી, કેનાથી.
૬.	પોતાનો,–ની, નું,–ના,–નાં.	૬.	કોણનો, કોનો, કેનો.
૭	પોતામાં, પોતાનામાં.	૭.	કોણમાં, કોનામાં કેનામાં.

૭૦. વિ૦ શું નાં રૂપ		૭૧. વિ૦ કોઇનાં રૂપ	
૧.	શું, શો.	૧.	કોઇ.
૨.	શાને, શેને	૨.	કોઇને.
૩.	શાણે, શેણે.	૩.	કોઇએ.

૪.	શાને, શેને.	૪.	કોઇને.
૫.	શાથી, શેથી.	૫.	કોઇથી.
૬.	શાનો, શેનો.	૬.	કોઇનો.
૭.	શામાં, શેમાં.	૭.	કોઇમાં.

૭૨. શું નું બહુવચન શાં થાય છે; અને શેનું બહુવચન શા થાય છે.

૭૩. કોઈનાં રૂપ બંને વચનમાં સરખાં છે.

૭૪. જે તથા એ નાં રૂપ

વિ૦	એકવચન	બહુવચન.
૧.	જે	જેઓ, જે.
૨.	જેને	જેઓને, જેમને.
૩.	જેણે	જેઓએ, જેમણે.
૪.	જેને	જેઓને, જેમને.
૫.	જેથી	જેઓથી, જેમનાથી.
૬.	જેનો	જેઓનો, જેમનો.
૭.	જેમાં	જેઓમાં, જેમનામાં.

૭૫ બીજાં સર્વનામને પણ એ જ પ્રમાણે સાતે વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.

૭૬. દર્શક સર્વનામ, પ્રશ્નાર્થક સર્વનામ, સંબંધી સર્વનામ, અને સામાન્ય સર્વનામની પાસે જો નામ આવે, તો તેને દર્શક,

પ્રશ્નાર્થક, સંબંધી કે સામાન્ય વિશેષણ જાણવું.

જેમઃ—એ છોકરો; કયો છોકરો; જે છોકરો; કેટલા છોકરા.

૭૭. જે નામને બદલે સર્વનામ મૂકવામાં આવે, તે નામની જાતિ અને વચન તે સર્વનામને લાગે છે.

૭૮. પોતે, આપણે, તમે, અમે, એ સર્વનામોની પહેલી તથા બીજી વિભક્તિ સરખી જ છે; માટે એ સર્વનામની વિભક્તિ જાણવી હોય, તો તે સર્વનામને બદલે કોઈ એક નામ મૂકી જોવું અને તે નામ જે વિભક્તિમાં બરાબર વાક્યમાં બોલાય, તે વિભક્તિ એ સર્વનામની કરવી.

જેમઃ—આપણે કામ કર્યું; જો એમાં આપણને બદલે કોઇ નામ મૂકીએ, તો છોકરાઓએ કામ કર્યું, એમ બરાબર વાક્ય બોલાય છે; પણ છોકરાઓ કામ કર્યું એમ બોલાતું નથી; માટે આપણે ત્રીજી વિભક્તિ છે. આપણે બોલ્યા; એમાં છોકરાઓ બોલ્યા, એમ બરાબર બોલાય છે; અને છોકરાઓએ બોલ્યા, એમ બોલાતું નથી; માટે આપણે પેહેલી વિભક્તિ છે. પોતે કે તમે કામ કર્યું; એમાં છોકરાઓએ કામ કર્યું બોલાય છે; માટે પોતે અને તમે ત્રીજી વિભક્તિમાં છે.

૭૯. દર્શક સર્વનામ આ, એ, તે, ઉપરથી આવો, એવા, તેવો, આવડો, એવડો, તેવડો, આટલો, એટલો, એવાં રૂપ થાય છે. એ રૂપો ઘણાંખરાં વિશેષણ રૂપે વપરાય છે.

૮૦. સંબંધી સર્વનામનાં જે ઉપરથી, જેવું, જેવડું, જેટલું, એવાં રૂપ થાય છે; એ સર્વનામની પછવાડે દર્શક સર્વનામ તેવું, તેવડું, તેટલું, અનુક્રમે આવે છે.

વિશેષણ

૮૧. જે શબ્દ નામનો ગુણ, સંખ્યા વગેરે બતાવે છે તેને **વિશેષણ** કહે છે.

જેમઃ–ડાહ્યો છોકરો, પાંચ છોકરા, સાતમી ચોપડી; એમાં ડાહ્યો ગુણવિશેષણ ને પાંચ સંખ્યાવિશેષણ છે, અને સાતમી સંખ્યા-અનુક્રમવિશેષણ છે.

૮૨. વિશેષણ બે જાતનાં હોય છેઃ ૧ ગુણવાચક અને સંખ્યા-વાચક. જે વિશેષણ ગુણ બતાવે તે ગુણવાચક અને સંખ્યા બતાવે તે સંખ્યાવાચક કહેવાય.

૮૩. વિશેષણ જે નામનો ગુણ બતાવે તે નામ તેનું **વિશેષ્ય** કહેવાય છે.

જેમઃ–ડાહ્યો છોકરો અને પાંચ છોકરા; એમાં છોકરો અને છોકરા વિશેષ્ય છે.

૮૪. વિશેષણ જે નામનો ગુણ બતાવે તે નામની, એટલે તેના વિશેષ્યની જાતિ, વિભક્તિ અને વચન વિશેષણને લાગે છે.

જેમઃ–વિજળી કરીને તેની મોટી બેન હતી; એમાં મોટી નારીજાતિ. પહેલી વિભક્તિ અને એકવચન છે.

૮૫. વિશેષણ ઘણું ખરૂં નામની પહેલાં મૂકવામાં આવે છે. પણ કોઈ વેળા વિશેષણ જે નામનો ગુણ બતાવે તે નામથી ઘણું દૂર, અગર તે નામની પછી મૂકવામાં આવે છે.

જેમઃ—ઠાકોરે આ બધી વાત સાંભળી; એ બાદશાહ રણમાં શૂરો હતો; મહમુદની જોડે આવેલા મુસલમાન જબરા અને લાલચોળ હતા. આમાં શૂરો વિશેષણ દૂર અને જબરા તથા લાલચોળ નામની પછી મુકવામાં આવ્યાં છે.

૮૬. જ્યારે જૂદી જૂદી જાતિના વિશેષ્ય આવે છે, ત્યારે વિશેષણ અથવા તેમને બદલે જે સર્વનામ આવે, તે નાન્યતરજાતિમાં હોય છે.

જેમઃ—મારી પાસે એક સસલો, બે કૂતરી અને એક મેંઢું છે, તેઓ એક બીજા સાથે ઘણી ગમત કરે છે; અને ઘણાં માયાળુ છે. એમાં તેઓ અને માયાળુ નાન્યતરજાતિમાં છે.

૮૭. વિશેષણ સર્વનામનો ગુણ બતાવે, ત્યારે તે સર્વનામની જાતિ વિભકિત અને વચન તે વિશેષણને લાગે છે.

જેમઃ—તે પૈસાનો લોભી હતો. એ ઘણો પાપી હતો. એમાં લોભી અને પાપીની નરજાતિ, પહેલી વિભકિત અને એકવચન છે.

૮૮. વિશેષણને વિભકિતના પ્રત્યયો લાગતા નથી; પણ વિશેષ્યને લાગે છે. અને તે પ્રમાણે વિશેષણના રૂપમાં ફેરફાર થાય છે. વિશેષણના છેડાના ઓ નો આ થાય છે, અને ઉં નો એક વચનમાં આ અને બહુવચનમાં આં થાય છે.

જેમઃ—સારૂં છોકરૂં; સારા છોકરાથી, સારાં છોકરાંથી.

૮૯. જ્યારે બે વિશેષણ સાથે આવે અને જો પહેલું વિશેષણ બીજા વિશેષણનો ગુણ બતાવે, ત્યારે પહેલું વિશેષણ ક્રિયાવિશેષણ અવ્યય ગણવું.

જેમઃ—ત્યાં બહુ મોટું તળાવ છે; તે છોકરી થોડી હુશીઆર નથી. આમાં બહુ અને થોડી એ ક્રિયાવિશેષણ અવ્યય છે.

૯૦. જ્યારે બે વિશેષણ સાથે આવે અને જો બન્ને વિશેષણ નામનો જ ગુણ બતાવે, ત્યારે બન્ને વિશેષણ જ કરવાં.

જેમઃ—તેને બદલે બીજા ઘણા શત્રુ ઉભા થયા; એક ડાહી સ્ત્રીએ રાજનું રક્ષણ કર્યું; એક તૂટેલું મોટું તળાવ ત્યાં છે. આમાં બીજા અને ઘણા, એક અને ડાહી; તૂટેલું અને મોટું એ બન્ને વિશેષણો છે.

૯૧. જ્યારે વિશેષણ ક્રિયાપદનો ગુણ બતાવે, ત્યારે તેને ક્રિયાવિશેષણ અવ્યય કરવું.

જેમઃ—મને હિસાબ કરવા બહુ ગમે છે; ખરાદી લાકડાનાં રમકડાં સંઘાડા ઉપર ચઢાવીને સાફ ઉતારે છે. આમાં બહુ અને સાફ ક્રિયાવિશેષણ અવ્યય છે.

૯૨. જ્યારે વિશેષણ ક્રિયાપદના ધાતુની સાથે આવે, ત્યારે તે વિશેષણ વિશેષણ જ થાય છે.

જેમઃ—અસલના હિન્દુ પૈસે ટકે સુખી હતા.

ક્રિયાપદ

૯૩. કોઈ પ્રાણી અથવા ચીજ શું કરે છે. અથવા કેવી સ્થિતિમાં

છે, તે જણાવનાર શબ્દને ક્રિયાપદ કહે છે. ક્રિયાપદ એટલે ક્રિયા બતાવનારૂં પદ.

જેમ:–તે પૈસા આપે છે; હું બેઠો; છોકરો જાય છે.

૯૪. ક્રિયાપદના મૂળને **ધાતુ** કહે છે:—કર, જા, બેસ, લખ, એ ધાતુ ઉપરથી ક્રિયાપદનાં જૂદાં જૂદાં રૂપ બને છે.

જેમ:–લખ ઉપરથી લખું છું, લખતો, લખીએ, લખ્યાં, લખીશું, વિગેરે.

૯૫. બીજા પુરુષના એકવચનમાં અનિયમિત વર્ત્તમાનકાળમાં આજ્ઞાર્થે ક્રિયાપદનું જે રૂપ બોલાય, તે જ ગુજરાતીમાં ક્રિયાપદનો **ધાતુ** જાણવો.

જેમ:—તું ખા; તું કર; તું બેસ; એમાંના ખા, કર અને બેસ, એ ખાવું, કરવું અને બેસવું, એના ધાતુ ગણાય.

૯૬. **કર્ત્તા**–ક્રિયા અથવા કામના કરનારને **કર્ત્તા** કહે છે.

જેમ:-છોકરાંએ નેતર વાળી. એમાં વાળવાનું કામ છોકરાંએ કર્યું, માટે છોકરાંએ કર્ત્તા છે.

૯૭. **કર્મ**–કર્ત્તા જે પ્રાણી અથવા વસ્તુ ઉપર પોતાનું કામ લાગુ પાડે છે, તે પ્રાણી અથવા વસ્તુને **કર્મ** કહે છે.

જેમ:–છોકરાએ નેતર વાળી, એમાં વાળવાનું કામ નેતર ઉપર થયું, માટે નેતર કર્મ છે.

૯૮. ધાતુના મુખ્ય ભાગ બે છે: ૧ અકર્મક ને ૨ સકર્મક.

૯૯. જ્યારે કર્ત્તા પોતાનું કામ બીજાં પ્રાણી અથવા વસ્તુ ઉપર લાગુ પાડતો નથી પણ પોતા ઉપર જ લાગુ પાડે છે, ત્યારે ક્રિયા-પદ **અકર્મક** કહેવાય છે. જે ક્રિયાપદને કર્મ ન હોય તે અકર્મક (અ=નહીં+કર્મ).

જેમ:–છોકરો બેસે છે; પથ્થર પડયા; હું આવીશ; તે સૂઇ ગયો.

૧૦૦. જ્યારે કર્ત્તા પોતાનું કામ બીજાં પ્રાણી અથવા વસ્તુ ઉપર લાગુ પાડે છે, ત્યારે ક્રિયાપદ **સકર્મક** કહેવાય છે. જે ક્રિયાપદને કર્મ હોય તે સકર્મક (સ=સાથે+કર્મ).

જેમ:–છોકરો નેતર વાળે છે; હું કલમ ઘડું છું; તેણે ચોપડી વાંચી.

૧૦૧. કોઇ ક્રિયાપદ સકર્મક છે, કે અકર્મક છે, એ પારખવું હોય, તો પહેલાં તે ક્રિયાપદનો ધાતુ શોધી કાઢવો. પછી એ ધાતુને નાર પ્રત્યય લગાડવો અને પછી કોણ સવાલ પૂછવો; પછી તે જ ધાતુને 'વાનું પ્રત્યય લગાડવો અને શું સવાલ પૂછવો. જો કોણ અને શુંનો જવાબ જૂદો જૂદો આવે તો ક્રિયાપદ **સકર્મક** જાણવું; અને કોણ તથા શુંનો જવાબ એક જ અથવા તે જ આવે તો **અકર્મક** જાણવું.

જેમ:–છોકરો પાઠ લખે છે. એમાં ક્રિયાપદનો ધાતુ લખ. એ ધાતુને નાર પ્રત્યય લગાડવાથી લખનાર થયો; હવે કોણનો સવાલ પૂછવો. લખનાર કોણ? જવાબ છોકરો; એ જ ધાતુને વાનું પ્રત્યય લગાડવો, તો લખવાનું થયું; પછી શુંનો સવાલ પૂછવો. લખવાનું શું? તો જવાબ પાઠ આવ્યો; કોણ તથા શુંના જવાબ (છોકરાએ અને પાઠ) જૂદા જૂદા આવ્યા માટે લખ સકર્મક ક્રિયાપદ થયું.

હરિ દોડે છે. એમાં પણ ઉપર પ્રમાણે સવાલ પૂછવા. જેમઃ—દોડનાર કોણ, દોડવાનું શું તો હરિ; એમાં કોણ તથા શુંનો જવાબ એક જ આવ્યો તેથી દોડ ક્રિયાપદ અકર્મક છે.

૧૦૨. કોણનો જે જવાબ આવે તે કર્ત્તા અને શુંનો જે જવાબ આવે તે કર્મ.

૧૦૩. સકર્મક ક્રિયાપદના ધાતુઃ—કહે, કથ, કર, કાઢ, ખા, ખાંડ, ખેંચ, ગણ, ગોખ, ઘસ, ચાવ, ચીપ, ચૂપ, છાપ, છોડ, છોલ, જાણ, જિત, જો, તોલ, દળ, દાખ, ઘડ, ધાર, નાંખ, પરોવ, પાથર, પી, પીરસ, ફેરવ, બાંધ, ભણાવ, ભરડ, ભૂલ, માન, રાંધ, લખ, લે, વહેંચ, વહેર, વાપર, વાંચ, વેચ, શીવ, સહે, સાંધ, સાંભળ, આંક, ઉરાડ.

૧૦૪. અકર્મક ક્રિયાપદના ધાતુઃ—કકળ, કૂદ, કોહો, ખળ, ખર, ખસ, ગર, ચડ, ચળક, ચાલ, જે, જનમ, જંપ, જા, ઠર, ડૂબ, તપ, તર, થા, દમ, દખ, દીપ, દુઃખ, દોડ, ધસ, નાહ, નાસ, નીકળ, પડ, પ્રકાશ, ફર, બચ, બીહ, બેસ, ભટક, જમ, ભળ, મળ, મર, રમ, રહે, રખડ, રઝળ, રો, વરસ, વળગ, સડ, સુ, શરમા, હીંડ, હો, આવ, ઉછળ, ઉતર, ઓળખ.

૧૦૫. જ્યારે ક્રિયાપદનો કર્ત્તા જણાતો નથી ત્યારે તે ક્રિયાપદ ભાવાકર્તૃક કે અકર્તૃક કહેવાય છે.

જેમ :—બેન બેનને બનતું નથી; મને પેટમાં દુઃખે છે.

ઘણી વખત ક્રિયાપદનો કર્ત્તા અધ્યાહાર હોય છે. જેમઃ—ખા, પી,

દોડ, બેસ, રમ, એમાં કર્ત્તા તું અધ્યાહાર છે. ખાઓ, પીઓ, દોડો બેસો, રમો, એમાં તમે કર્ત્તા અધ્યાહાર છે. ખાઇએ, પીઇએ, દોડીએ, રમીએ, એમાં કર્ત્તા આપણે કે અમો અધ્યાહાર છે. કહે છે, આવે છે, એમાં તેઓ (લોકો) કર્ત્તા અધ્યાહાર છે.

૧૦૬. કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોય છે; એક કર્મને ઉપસ્થ (પાસેનું) કર્મ અને બીજાને અનુપસ્થ (દૂરનું) કર્મ કહે છે. જે કર્મને ને ન લાગેલો હોય તેને ઉપસ્થ કર્મ અને ને લાગ્યો હોય તેને અનુપસ્થ કર્મ સમજવું.

જેમઃ—હું તને પૈસા આપું છું, એમાં તને અનુપસ્થ કર્મ છે; અને પૈસા ઉપસ્થ (ખરૂં) કર્મ છે.

૧૦૭. ક્રિયાપદને ભેદ, અર્થ, કાળ, પુરૂષ, જાતિ, અને વચન લાગે છે, (વિભક્તિ લાગતી નથી.) ક્રિયાપદનાં રૂપોમાં જાતિ, પુરૂષ અને વચન પ્રમાણે ફેરફાર થાય છે.

ભેદ

૧૦૮. ભેદ ત્રણ છેઃ—૧ **મૂળભેદ**, ૨ **સહ્યભેદ**, અને ૩ **પ્રેરકભેદ.**

૧૦૯. **મૂળભેદ**—ક્રિયાપદના ધાતુને કાળ વગેરેના પ્રત્યય લાગીને જે રૂપ થાય છે તેને મૂળભેદનાં ક્રિયાપદ કહે છે. જેમઃ—લખે છે, કર્યું, લખાશે, સાંભળ્યું.

૧૧૦. **સહ્યભેદ**—મૂળ ધાતુના આકારમાં કાંઈ ફેરફાર થઇને

જે રૂપ થાય છે તેને સહ્યભેદ કહે છે. જેમ:–લખાય, લખાઈ, ખલાયું કરાયું, સંભળાયું.

૧૧૧. ક્રિયાનો કરનાર પહેલી કે ત્રીજી વિભક્તિમાં હોય તો ક્રિયાપદ મૂળભેદનું સમજવું. જેમ:–હું વાંચું છું, તેણે વાચ્યું.

૧૧૨. ક્રિયાનો કરનાર પાંચમી વિભક્તિમાં હોય, ત્યારે ક્રિયાપદ સહ્યભેદનું જાણવું. જેમ:–મારાથી વંચાયું.

૧૧૩. મૂળભેદ ઉપરથી સહ્યભેદ નીચે પ્રમાણે થાય છે:—

(૧) વ્યંજનાન્ત ધાતુને છેડે આ ઉમેર્યાથી. જેમ:–લખ, લખા; કર, કરા, એવા ધાતુના પેહેલા અક્ષરમાં જો આ આવે તો તે જઈને અ થાય છે. જેમ:—માર, મરા; જાળવ, જળવા; નાંખ, નંખા.

(૨) સ્વરાન્ત છેડાના ધાતુને અંતે સહ્યભેદમાં વા વધે છે. જેમ:–ખા, ખાવ; પી, પીવા; જો, જોવા.

પ્રેરકભેદ—વ્યંજનાન્ત છેડાને આવ ને આડ લાગે છે. સ્વરાન્તમાં વાડ લાગે છે. જેમ:–લખવું, લખાવ; ખા, ખવાડ.

મૂળભેદ ઉપરથી પ્રેરકભેદ થાય છે તેના દાખલા:–

મૂળ ધાતુ અકર્મક હોય અને તે ઉપરથી સકર્મક ધાતુ પ્રેરક-અર્થમાં બનાવાય છે. પોતે એ કર્મ કરે ત્યારે એક રૂપ અને બીજા પાસે કરાવે ત્યારે બીજું રૂપ થાય છે, તેના દાખલા:–

મૂળભેદ	**પ્રેરક**	**પ્રેરક**
	(પોતે કરવું)	(બીજા પાસે કરાવવું)

પડ	પાડ	પડાવ
ઉકળ	ઉકાળ	ઉકળાવ
ઠર	ઠાર	ઠારવ
તપ	તાપ	તપાવ
બળ	બાળ	બળાવ
મર	માર	મરાવ
તર	તાર	તરાવ
વળ	વાળ	વળાવ
ઝર	ઝાર	ઝરાવ
ભળ	ભેળ	ભેળાવ
ફર	ફેરવ	ફેરાવ
ઢળ	ઢોળ	ઢોળાવ
છૂટ	છોડ	છોડાવ
ફૂટ	ફોડ	ફોડાવ
હળ	હેળા	હેળાવ
અંક	આંક	અંકાવ
શીખ	શીખવ	શીખવાર

મૂળ ધાતુને આડ કે વાડ પ્રત્યય અને પાછો આવ લગાડવાથી પ્રેરક ધાતુ બને છે.

મૂળ ધાતુ	પ્રેરક ધાતુ
ખા	ખવાડ, ખવડાવ.
ગા	ગવાડ, ગવડાવ.
ધાવ	ધવાડ, ધવડાવ.
ઉઠ	ઉઠાડ, ઉઠડાવ.
બ્હી	બ્હીવાડ, બ્હીવડાવ.
સૂ	સૂવાડ, સૂવડાવ.
લે	લેવાડ, લેવડાવ.
જો	જોવાડ, જોવડાવ.
કહે	કહેવાડ, કહેવડાવ.
વાગ	વગાડ, વગડાવ.
શીવ	શીવાડ, શીવડાવ.

મૂળ ધાતુને આવ કે આડ પ્રત્યય લગાડી, પાછો આવ પ્રત્યય લગાડવાથી પ્રેરક ધાતુ બને છે.

મૂળ ધાતુ	રક	બેવડો પ્રેરક
કર	કરાવ	કરાવરાવ.
બાંધ	બંધાવ	બંધાવરાવ.
માંજ	મંજાવ	મંજાવરાવ.
રમ	રમાડ	રમાડાવ
ચાલ	ચલાવ	ચલાવરાવ
બોલ	બોલાવ	બોલાવરાવ

મૂળધાતુ કે પ્રેરક ધાતુનો સહ્યભેદ બનાવવો હોય તો છેલ્લો 'અ' સ્વરનો આ કરવો અને ય લગાડવો. દાખલા:

મૂળ	સહ્યભેદ	પ્રેરક	સહ્યભેદ
પડ	પડાય	ખવાડ	ખવાડાય
ઉકળ	ઉકળાય	વગાડ	વગાડાય
આપ	અપાય	દેખાડ	દેખાડાય
ગા	ગવાય	અંકાવ	અંકાવાય
રામ	રમાવ	શીવાડ	શીવાડાય

૧૧૪. **નામધાતુ**—નામ કે વિશેષણ ઉપરથી ધાતુ બને છે, તેના દાખલા:

ટુંકું	ટુંકવ	ધૂમ	ધૂમાય
લાંબું	લંબાવ	ઉજડ	ઉજાડ

૧૧૫. **અર્થ**-કોઈ ક્રિયા થતાં કહેનારનો ભાવ શો છે અથવા બોલનાર જે બોલે છે, તે નિશ્ચય જાણીને બોલે છે કે મનમાં સંદેહ રાખી બોલે છે, કે હુકમના રૂપમાં બોલે છે, તે ક્રિયાપદના **અર્થ** કહેવાય છે.

૧૧૬. ક્રિયાપદના અર્થ ચાર કર્યા છેઃ–૧ **નિશ્ચયાર્થ**, ૨ **આજ્ઞાર્થ**, ૩ **સંકેતાર્થ**, અને ૪ **આશીર્વાદાર્થ**.

૧૧૭. **નિશ્ચયાર્થઃ**—બોલનાર કોઈ નામ વિષે બોલે છે, એટલે તે માત્ર થઈ ગયું, થાય છે, કે થશે એટલું જ જણાવે છે,

ત્યારે જે ક્રિયાપદનાં રૂપ વપરાય છે, તેને **નિશ્ચયાર્થ**નાં રૂપ સમજવાં.

જેમઃ—મેં વાંચ્યું છે, હું વાંચીશ.

૧૧૮. **આજ્ઞાર્થ**:—જ્યારે બોલનાર હુકમના રૂપમાં બોલે છે, ત્યારે ક્રિયાપદ **આજ્ઞાર્થ** રૂપનાં કહેવાય છે.

જેમઃ—તું વાંચ, તમે વાંચો, તમે વાંચજો.

૧૧૯. **સંકેતાર્થ** કે **સંશયાર્થ**—જ્યારે બોલનાર મનમાં કાંઈ સદેહ રાખીને બોલે છે, ત્યારે ક્રિયાપદ **સંકેતાર્થ** રૂપનાં સમજવાં. એમાં સંકેતનો (શરતનો) અર્થ રહેલો છે, માટે **સંકેતાર્થ** કહેવાય છે. એ ક્રિયાપદો જો, તો, પણ, વગેરે અવ્યયથી ઓળખાય છે.

જેમઃ—તમે વાંચશો, તો ફાયદો થશે; મેં લખ્યું હોત, પણ કલમ ભાંગી ગઈ.

૧૨૦. **આશીર્વાદાર્થ**—જ્યારે સામાનું હિત ઇચ્છવું હોય તેમ આશીષ દર્શાવવી હોય ત્યારે **આશીર્વાદાર્થ** ક્રિયાપદ વપરાય છે. જેમ સુખી રહો; પ્રભુ કલ્યાણ કરે.

ક્રિયાનાથ

૧૨૧. **ક્રિયાનાથ**—જે શબ્દ પ્રમાણે ક્રિયાપદનું રૂપ, જાતિ, પુરૂષ, અને વચનમાં ફરે છે, તે શબ્દને **ક્રિયાનાથ** કહે છે.

જેમઃ—છોકરી આવી, રાજાએ ગાદી લીધી, તેનાથી જવાયું. પેહેલા દાખલામાં છોકરી ક્રિયાનાથ છેઃ બીજા દાખલામાં ગાદી અને ત્રીજા દાખલામાં ક્રિયાનો ભાવ ક્રિયાનાથ છે.

કાળ

૧૨૨. **કાળ**—જે વખતમાં ક્રિયા અથવા કામ બને તેને **ક્રિયાપદનો કાળ** કહે છે.

૧૨૩. મુખ્ય કાળ ત્રણ છે:—૧ **ભૂતકાળ**, ૨ **વર્ત્તમાનકાળ** અને ૩ **ભવિષ્યકાળ**.

૧૨૪. **ભૂતકાળ**—જે ક્રિયા કે કામ ગયા વખતમાં બની ગયું હોય, તેને **ભૂતકાળ** લાગે છે. જેમ:—તે ગયો, તેણે વાંચ્યું.

૧૨૫. **વર્ત્તમાનકાળ**—જે ક્રિયા ચાલતા વખતમાં બને **છે**, જે ક્રિયા થતી હોય છે, તેને **વર્ત્તમાનકાળ** લાગે છે. જેમ:–તે કામ કરે છે, છોકરી આવે છે.

૧૨૬. **ભવિષ્યકાળ**:—જે ક્રિયા આવતા વખતમાં બનવાની છે, તેને **ભવિષ્યકાળ** કહે છે. જેમ:–હું કાલે ગામ જઇશ, ઝાડ ઉપર હવે ફળ આવશે.

૧૨૭. વર્ત્તમાનકાળના ક્રિયાપદને છેડે વું, એ, ઉં, ય, **છે**, **નથી**, આવે છે.

ભૂતકાળના ક્રિયાપદને છેડે યો, ઇ, યું, યા, યાં આવે છે.

અને ભવિષ્યકાળના ક્રિયાપદને છેડે શ, શે, શું, શો, **જે**, **જો**, આવે છે.

૧૨૮. વર્ત્તમાનકાળના ત્રણ પ્રકાર છે:—૧ વર્તમાનકાળ, ૨ અનિયમિતવર્ત્તમાનકાળ, અને ૩ વિધિવર્તમાનકાળ.

૧૨૯. વર્ત્તમાનકાળના દાખલાઃ-વાંચું છું, વાંચીએ છીએ, વાંચે છે, વાંચો છો.

૧૩૦. અનયમિત વર્ત્તમાનકાળના દાખલાઃ-વાંચું, વાંચીએ, વાંચે, વાંચ, વાંચો.

૧૩૧. વિધિવર્ત્તમાનકાળના દાખલાઃ—વાંચવો, વાંચવા, વાંચવી, વાંચવું, વાંચવાં.

૧૩૨. ભૂતકાળના ત્રણ પ્રકાર છેઃ-ભૂત, અનિયમિતભૂત, અને સંકેતભૂત.

૧૩૩. ભૂતકાળના દાખલાઃ વાંચ્યા, વાંચ્યાં, વાંચી, વાંચ્યું.

નીચલાં ક્રિયાપદ ભૂતકાળનાં છેઃ-ખાધું, પીધું, દીઠું, દીધું, બેઠું, પેઠું, નાઠું, બીન્યું, સૂતું.

૧૩૪. અનિયમિતભૂતકાળના દાખલાઃ-વાંચતો, વાંચતા, વાંચતી, વાંચતું, વાંચતાં.

૧૩૫. સંકેતભૂતકાળના દાખલાઃ-વાંચત.

૧૩૬. ભવિષ્યકાળના દાખલાઃ-વાંચીશ, વાંચીશું, વાંચશું, વાંચશે, વાંચજે, વાંચશો, વાંચજો.

કૃદંત

૧૩૭. **કૃદંત**–ક્રિયાપદના ધાતુને કાંઈ પ્રત્યય લાગીને જે જૂદા જૂદા શબ્દ થાય તેને **કૃદંત** કહે છે. કૃદંતમાં ક્રિયાપદનો પૂરો અર્થ હોતો નથી.

૧૩૮. કૃદંતો ઘણી જાતનાં છે, તેમાં નીચલાં મુખ્ય છેઃ— કૃદંતનામ, કૃદંતવિશેષણ, કૃદંતઅવ્યય, વર્ત્તમાનકૃદંત, ભૂતકૃદંત, અને ભવિષ્યકૃદંત.

૧૩૯. **કૃદંતનામ** (સામાન્ય) જો ધાતુને વો, વા, વી, વું, કે વાં, પ્રત્યય લાગેલો હોય, તો તેને **કૃદંતનામ** જાણવું. સવારના વાંચવું ઘણું સારૂં છે.

૧૪૦. **કૃદંતવિશેષણઃ** જો ધાતુને લો, લા, લું, લી કે લાં પ્રત્યય લાગેલો હોય તો **કૃદંતવિશેષણ** થાય છે. જેમ, એ બાઈ ભણેલી હતી.

૧૪૧. **કૃદંતઅવ્યયઃ** જો ધાતુને ઈ અથવા ઈને પ્રત્યય લાગેલો હોય અને ક્રિયાપદ ભૂતકાળમાં હોય, તો કૃદંતઅવ્યય કરવું. જેમ તે ઘોડે બેસી આવ્યો; તે કામ કરીને ગયો.

૧૪૨. **વર્ત્તમાનકૃદંતઃ** જો ધાતુને તો, તા, તી, તું, કે તાં, પ્રત્યય લાગેલો હોય, તો વર્ત્તમાનકૃદંત થાય છે. જેમ, હું ચાલતો ગામ ગયો.

૧૪૩. **ભૂતકૃદંતઃ** જો ક્રિયાપદ ભૂતકાળમાં હોય અને તેને વિભક્તિનો પ્રત્યય લાગેલો હોય અથવા તેની પાસે શબ્દયોગી અવ્યય આવેલો હોય, તો ભૂતકૃદંત થાય છે. જેમ, મારા આવ્યા પછી તે ગયો, વા વાયાથી નળીયું ખસ્યું

૧૪૪. **ભવિષ્યકૃદંતઃ** જો કૃદંત ભવિષ્યકાળ બતાવે તો તે

ભવિષ્યકૃદંત જાણવું: જેમ, વાંચનાર, વાંચનારી, વાંચનારૂં, કરનાર, બોલવાનું કરનારી, કરનારો, લખવાનો, લખવાનું.

૧૪૫. જો કૃદંતમાં ક્રિયાપદના જેવો પૂરો અર્થ રહેલો હોય, તો તેને કૃદંત ન કરતાં ક્રિયાપદ જ કરવું. જેમ, તેઓ ઘણી લુંટ મેળવીને પાછા પોતાને વતન જતા; તમારે આ કામ કરવું; છોકરાં સવારમાં ઉઠીને ઈશ્વરની રોજ પાર્થના કરતાં; આપણા પાડોશીને દુ:ખ ન દેવું; વધારે લાયક આદમી કયારે જાણવો.

સંયુકત ક્રિયાપદ

૧૪૬. **સંયુક્ત ક્રિયાપદ:** બે ક્રિયાપદો સાથે આવી બન્નેના ભેગા અર્થથી જૂદો અર્થ ઉત્પન્ન કરે તો તે તેમનું સંયુકત ક્રિયાપદ બને છે.

નીચલાં ક્રિયાપદ સંયુકત કહેવાય છે:—જો, આવ, દે, લાગ, રહે, ચૂક, નાંખ, રાખ, કાઢ, જોઈએ, પાડ, ઘળ, બેસ, લે, માંડ, કર, શક.

આ ક્રિયાપદો બીજાં ક્રિયાપદોની જોડે આવીને પેહેલાં ક્રિયાપદોના અર્થમાં કે કાળમાં ફેર કરે છે.

જેમ:-થઈ જા, થઇ ચૂકવુ, ધોઇ નાંખવું, ધોઈ નાંખ, જઇ પડ, થઈ શકયું, માર્યો ગર્યો, કરવા માંડયું. આમાં બીજું ક્રિયાપદ સંયુક્ત કહેવાય છે.

સહાયકારક ક્રિયાપદ

૧૪૭. **સહાયકારક ક્રિયાપદ:** મૂળ ક્રિયાપદને મદદગાર તરીકે જે ક્રિયાપદ વપરાય તે સહાયકારક ક્રિયાપદ કહેવાય.

૧૪૮. નથી, એ છનું અકર્ણ (ઉલટું) રૂપ છે. બધા પુરૂષ, જાતિ અને વચનમાં એનું સરખું રૂપ રહે છે.

૧૪૯. કૃદંત અને હો ધાતુ ઉપરથી થયલાં ક્રિયાપદનાં રૂપોથી સહાયકારક ક્રિયાપદ થાય છે.

જેમઃ—આવ્યું હતું. જ્યારે આવાં રૂપ આવે છે, ત્યારે મિશ્રકાળ થાય છે. જેમઃ—

કરતો હોય—દ્વિત્વવર્ત્તમાન.	કરતો હશે—વર્ત્તમાન ભવિષ્ય.
કરતો હોત—વર્ત્તમાનભૂત.	કરેલું છે—વિશેષભૂત વર્ત્તમાન.
કર્યો છે—ભૂતવર્ત્તમાન.	કરેલું હતું—વિશેષદ્વિત્વભૂત.
કર્યો હતો—દ્વિત્વભૂત.	કરેલું હશે—વિશેષભૂત ભવિષ્ય.
કર્યું હશે—ભૂતભવિષ્ય.	કરવાનો છે—ભવિષ્યવર્ત્તમાન.

પ્રયોગ

૧૫૦. ક્રિયાનાથ ઉપરથી ક્રિયાપદના પ્રયોગ માલમ પડે છે.

૧૫૧. પ્રયોગ ત્રણ છેઃ—૧ કર્તરિ, ૨ કર્મણિ અને ૩ ભાવે.

૧૫૨. જ્યારે ક્રિયાનાથ કર્ત્તા હોય (એટલે ક્રિયાપદને કર્ત્તા પ્રમાણે જાતિ, પુરૂષ અને વચન લાગે) ત્યારે **કર્તરિપ્રયોગ** કહેવાય છે.

૧૫૩. જ્યારે ક્રિયાનાથ કર્મ હોય (એટલે ક્રિયાપદને કર્મ પ્રમાણે જાતિ, પુરૂષ અને વચન લાગે) ત્યારે **કર્મણિપ્રયોગ** થાય છે.

૧૫૪. જ્યારે કર્ત્તા અથવા કર્મ બંને, ક્રિયાપદનો ક્રિયાનાથ ન થાય ત્યારે તેને **ભાવેપ્રયોગ**નું ક્રિયાપદ કહે છે.

૧૫૫. **કર્તરિપ્રયોગ**: જ્યારે ક્રિયાપદ સકર્મક અથવા અકર્મક કહેવાય અને કર્ત્તા પહેલી વિભકિતમાં હોય ત્યારે કર્તરિપ્રયોગ થાય છે. જેમ, કુતબુદ્દીન ગાદીએ બેઠો; રાજા પૈસો આપે છે.

૧૫૬. **કર્મણિપ્રયોગ**: જ્યારે ક્રિયાપદ સકર્મક હોય અને કર્ત્તા ત્રીજી અથવા પાંચમી વિભકિતમાં હોય ત્યારે કર્મણિપ્રયોગ જાણવો. જેમ, તેણે પાઠ વાંચ્યો; મારાથી પાઠ વંચાયો; મેં સ્લેટ ભાગી છે.

૧૫૭. **ભાવેપ્રયોગ**: જ્યારે ક્રિયાપદ અકર્મક હોય અને કર્ત્તા ત્રીજી અથવા પાંચમી વિભકિતમાં હોય ત્યારે ભાવેપ્રયોગ થાય છે. ભાવે પ્રયોગનું ક્રિયાપદ ત્રીજો પુરૂષ, નાન્યતર જાતિ ને એકવચનમાં હોય છે. જેમ, રણછોડે જવું; મારાથી બેસાયું; તારાથી બનવું.

૧૫૮. કર્તરિપ્રયોગમાં કર્ત્તા પહેલી વિભકિતમાં હોય છે.

૧૫૯. કર્મણિપ્રયોગમાં ક્રિયાપદ સકર્મક, કર્તા ત્રીજી કે પાંચમી વિભકિતમાં અને ઘણું કરીને ભૂતકાળમાં હોય છે.

૧૬૦. ક્રિયાપદ સકર્મક છે અને ભૂતકાળમાં છે, તોપણ તેમનો કર્મણિપ્રયોગ થતો નથી, પણ કર્તરિપ્રયોગ થાય છે:– અડકયો., ચૂકયો, જમ્યો, પામ્યો, બોલ્યો, જાણ્યો, ભૂલ્યો, મળ્યો, લાવ્યો, વળગ્યો, સમજ્યો, શીખ્યો.

૧૬૧. કર્મણિપ્રયોગનું તથા કર્તરિપ્રયોગનું કર્મ હોય છે તેને કર્મને અર્થે પેહેલી કહે છે. જો તે કર્મને ને પ્રત્યય લાગ્યો હોય તો

બીજી કરવી. જેમ: તે કલમ ઘડે છે, તેણે કલમ ઘડી, તેણે સીપાઇને બોલાવ્યો, છોકરો પાઠ લખે છે.

૧૬૨. સકર્મક કૃદંત હોય છે તો તેનું કર્મ બીજામાં અથવા બીજીને અર્થે પેહેલીમાં આવે છે. જેમકે, તે કામ કરીને ગયો.

૧૬૩. જો ક્રિયાપદનો ક્રિયાનાથ નામ હોય તો ક્રિયાપદ ત્રીજા પુરૂષમાં આવે છે.

૧૬૪. **ક્રિયાપદનાં રૂપાખ્યાન**: ધાતુને ભેદ, કાળ, પુરૂષ, અને જાતિના પ્રત્યય લાગ્યાથી જે જૂદાં જૂદાં રૂપ થાય છે, તેને **રૂપાખ્યાન** કહે છે.

૧૬૫. **છ** ધાતુનાં રૂપાખ્યાન.

વર્ત્તમાનકાળ

	એકવચન.	બહુવચન.
પે૦ પુ૦	હું છું.	અમે છીએ
બી૦ પુ૦	તું છે.	તમે છો.
ત્રિ૦ પુ૦	તે છે.	તેઓ છે.

એ ક્રિયાપદનાં બીજાં રૂપ થતાં નથી.

૧૬૬. એ ઉપરથી વર્ત્તમાન કૃદંત છતી, છતું, છતો, છતાં.

૧૬૭. **હો** ધાતુનાં રૂપાખ્યાન.

વર્ત્તમાનકાળ

	એકવચન.	બહુવચન.
પે૦ પુ૦	હું હોઉં છું.	અમે હોઇએ છીએ.

બી૦	પુ૦	તું હોય છે.	તમે હો છો.
ત્રિ૦	પુ૦	તે હોય છે.	તેઓ હોય છે.

અનિયમિતવર્ત્તમાન

		એકવચન.	બહુવચન.
પે૦	પુ૦	હું હોઉં.	અમે હોઇએ.
બી૦	પુ૦	તું હોય.	તમે હો.
ત્રિ૦	પુ૦	તે હોય.	તેઓ હોય.

વિવિધવર્તમાનકાળ

નરજાતિ	હોવો.	હોવા.
નારીજાતિ	હોવી.	હોવી.
નાન્યતરજાતિ	હોવું.	હોવાં.

ભૂતકાળ

નરજાતિ	હતો.	હતા.
નારીજાતિ	હતી.	હતી.
નાન્યતરજાતિ	હતું.	હતાં.

અનિયમિતભૂતકાળ નથી

સંકેતભૂતકાળ

એકવચન અને બહુવચન પે૦ પુ૦, બી૦ પુ૦, ત્રિ૦ પુ૦...હોત.

ભવિષ્યકાળ

		એકવચન.	બહુવચન.
પે૦	પુ૦	હું હોઈશ, હઈશ.	અમે હોઇશું, હઈશું.
બી૦	પુ૦	તું હોશે, હશે, હોઈશ.	તમે હોશો, હશો, હોજો.
ત્રી૦	પુ૦	તે હોશે, હશે, હોજો.	તેઓ હોશે, હશે, હોજો.

કૃદંત—હોવે, હોવી, હોવું, હોનાર, હોઈને, હોત.

૧૬૮. સકર્મક ક્રિયાપદ **લખ** ધાતુનાં રૂપાખ્યાન (મૂળભેદ).

વર્તમાનકાળ

		એકવચન	બહુવચન.
પે૦	પુ૦	હું લખું છું.	અમે લખીએ છીએ.
બી૦	પુ૦	તું લખે છે.	તમે લખો છો.
ત્રિ૦		તે લખે છે.	તેઓ લખે છે.

અનિયમિત વર્તમાનકાળ

પે૦	પુ૦	હું લખું.	અમે લખીએ
બી૦	પુ૦	તું લખે, લખ.	તમે લખો.
ત્રિ૦	પુ૦	તે લખે.	તેઓ લખે.

વિધિવર્તમાનકાળ

નરજાતિ	મારે લખવો.	અમારે લખવા.
નારીજાતિ	તારે લખવી.	તમારે લખવી.
નાન્યતરજાતિ	તેણે લખવું.	તેમણે લખવાં.

આજ્ઞાર્થ વર્ત્તમાનકાળ

તું લખ. લખજે.	તમે લખો. લખજો.

ભૂતકાળ

પે૦	પુ૦	મેં લખ્યો.	અમે લખ્યો.
બી૦	પુ૦	તેં લખ્યો.	તમે લખ્યો.
ત્રિ૦	પુ૦	તેણે લખ્યો.	તેમણે લખ્યો.

નરજાતિ	મેં લખ્યો.	અમે લખ્યા.
નારીજાતિ	,, લખી.	,, લખી.
નાન્યતરજાતિ	,, લખ્યું.	,, લખ્યાં

અનિયમિતભૂતકાળ

નરજાતિ	લખતો.	લખતા.
નારીજાતિ	લખતી.	લખતી.
નાન્યતરજાતિ	લખતું.	લખતાં.

એકવચન			બહુવચન
પે.	પુ.	મારે લખવું.	અમારે લખવું.
બી.	પુ.	તારે લખવું	તમારે લખવું.
ત્રિ.	પુ.	તેણે લખવું.	તેમણે લખવું.

અનિયમિત ભૂતકાળ

પે૦	પુ૦	હું લખતો.	અમે લખતા.
બી૦	પુ૦	તું લખતો.	તમે લખતા.
ત્રિ૦	પુ૦	તે લખતો.	તેઓ લખતા.

ભવિષ્યકાળ

		એકવચન	બહુવચન
પે૦	પુ૦	હું લખીશ.	અમે લખીશું, લખશું.
બી૦	પુ૦	તું લખીશ, લખશે, લખજે.	તમે લખશો, લખજો.
ત્રિ૦	પુ૦	તે લખશે.	તેઓ લખશે.

કૃદંત: લખવો, લખ્યો, લખનાર, લખતાં, લખેલો, લખી, લખીને.

સાભેદ વ-ર્તમાનકાળ

પે૦	પુ૦	હું લખાઉં છું.	અમે લખાઇએ છીએ.
બી૦	પુ૦	તું લખાય છે.	તમે લખાઓ છો.
ત્રિ૦	પુ૦	તે લખાય છે.	તેઓ લખાય છે.

અનિયમિતવર્તમાનકાળ

પે૦	પુ૦	હું લખાઉં.	અમે લખાઇએ.
બી૦	પુ૦	તું લખાય.	તમે લખાઓ.
ત્રિ૦	પુ૦	તે લખાય.	તેઓ લખાય.

વિધિવર્તમાકાળ

નરજાતિ	લખાવો.	લખાવ.
નારીજાતિ	લખાવી.	લખાવી.
નાન્યતરજાતિ	લખાવું.	લખાવાં.

ભૂતકાળ

નરજાતિ	લખાયો.	લખાયા.

નારીજાતિ	લખાઇ.	લખાઇ.
નાન્યતરજાતિ	લખાયું.	લખાયાં.

અનિયમિતભૂતકાળ

નરજાતિ	..................લખતો.	લખતા.
નારીજાતિ	..................લખાતી.	લખાતી.
નાન્યતરજાતિ	..............લખાતું.	લખાતાં.

સંકેતભૂતકાળ

પે૦ બી૦ ત્રિ૦ પુરૂષ (એકવચન અને બહુવચન) લખાત.

ભવિષ્યકાળ

	એકવચન	બહુવચન
પે૦	પુ૦........હું લખાઇશ.	અમે લખાઇશું.
બી૦	પુ૦.......તું લખાઇશ	તમે લખાશો લખાજો.
ત્રિ૦	પુ૦.......તે લખાશે.	તેઓ લખાશે.

કૃદંતઃ-લખાવો,લખાયો,લખાતો,લખાયલો,લખનાર,લખાઇ,લખાઇને.

૧૬૯. અકર્મક ક્રિયાપદ આવ ધાતુનાં રૂપાખ્યાન.

મૂળભેદ વર્ત્તમાનકાળ

પે૦	પુ૦ ....હું આવું છું.	અમે આવીએ છીએ
બી૦	પુ૦ ....તું આવે છે.	તમે આવો છો.
ત્રિ૦	પુ૦ ....તે આવે છે.	તેઓ આવે છે.

અનિયમિત વર્ત્તમાનકાળ

પે૦	પુ૦	........હું આવું.	અમે આવીએ.
બી૦	પુ૦	.........તું આવે, આવ.	તમે આવો.
ત્રિ૦	પુ૦	..........તે આવે.	તેઓ આવે.

વિધિ વર્ત્તમાનકાળ

નરજાતિ.........આવવો	આવવા.
નારીજાતિ ....આવવી.	આવવી.
નાન્યતરજાતિ.....આવવું.	આવવાં.

ભૂતકાળ

નરજાતિ............	આવ્યો.	આવ્યા.
નારીજાતિ.........	આવી.	આવી.
નાન્યતરજાત......	આવ્યું.	આવ્યાં.

અનિયમિત ભૂતકાળ

નરજાતિ............	આવતો	આવતા.
નારીજાતિ.........	આવતી	આવતી.
નાન્યતરજાતિ.......	આવતું	આવતાં.

સંકેતભૂતકાળ

પે૦	પુ૦	હું આવત	અમે આવત.
બી૦	પુ૦	તું આવત	તમે આવત.
ત્રિ૦	પુ૦	તે આવત	તેઓ આવત.

ભવિષ્યકાળ

પે૦	પુ૦	હું આવીશ.	અમે આવીશું, આવશું.
બી૦	પુ૦	તું આવીશ, આવશે, આવજે,	તમે આવશો, આવજો.
ત્રિ૦	પું૦	તે આવશે.	તેઓ આવશે.

કૃદંત:—આવવો, આવ્યો, આવતો, આવેલો, આવનાર, આવી, આવીને.

૧૭૦. **સહ્યભેદ**

વર્તમાનકાળ......................અવાય છે.
અનિયમિત વર્તમાન કાળ..........અવાય.
વિધિ વર્ત્તમાનકાળ..............અવાવું.
ભૂતકાળ.........................અવાયું, અવાયેલું.
અનિયમિતભૂતકાળ..............અવાતું.
સંકેતભૂતકાળ.....................અવાત
ભવિષ્યકાળ.......................અવાશે.

કૃદંત: અવાવો, અવાયો, અવાયેલો, આવનાર, અવાઈ, અવાઈને.

અવ્યય

૧૭૧. **અવ્યય**—જે શબ્દના રૂપમાં કાંઇ ફેરફાર થતો **નથી** (એટલે તેને જાતિ, વિભકિત કે વચન લાગતું નથી), તે **શબ્દ અવ્યય** છે.

૧૭૨. કેટલાક શબ્દોના રૂપમાં ફેરફાર થાય છે, તોપણ તેમને પાછળથી અવ્યયમાં ગણેલા છે. જેમ:—ધીમો, ધીમી, ધીમું, ધીમા.

૧૭૩. કોઈ વખત અવ્યય ને પ્રત્યય લાગે છે જેમ:–ઉપર, ઉપરનું, ઉપરથી, ઉપરનથી. માંહે માંહેથી, માંહેનું, માંહેનાથી. અહીં, અહીંઆં, અહીંનું. ત્યારે, ત્યારથી, ત્યારનું.

૧૭૪. અવ્યયના ચાર વર્ગ કર્યા છે: ૧ ઉભયાન્વયી અવ્યય, ૨ કેવળપ્રયોગી અવ્યય, ૩ શબ્દયોગી અવ્યય અને ૪ ક્રિયાવિશેષણ અવ્યય.

૧૭૫. **ઉભયાન્વયી** અવ્યય:–(ઉભય=બે+અવ્યયી=સંબંધ જોડનાર) બે શબ્દ કે વાકયને જોડનાર અવ્યયને ઉભયાન્વયી અવ્યય કહેવાય છે.

જેમ:–મેં મેહેનત કીધી, પણ કાંઈ ફાયદો થયો નહી, બે ને બે ચાર પણ થાય, રણછોડ અને મગન આવ્યા છે. અહીં પણ, ને, અને અવ્યય ઉભયાન્વયી અવ્યય છે.

૧૭૬. ઉભયાન્વયી અવ્યયના દાખલા:–અથવા, અને, માટે, પણ, ને, નહી તો, કેમકે, કદાચ, એટલે, અગરજો, કિંવા, કે, જે, તો, જો, અગર, પરંતુ રખેને, તથા, તોપણ, કારણ કે, સામું, વાસ્તે, વળી, કદિ.

૧૭૭ **કેવળપ્રયોગી અવ્યય**:–જ્યારે મનમાંથી હરખ, શોક નવાઇ, દુ:ખ, તિરસ્કાર અને આશ્ચર્યના શબ્દો એકદમ છૂટા બોલાય છે, અને વાકયમાં ક્રિયાપદ જોડે તેને સંબધ હોતો નથી ત્યારે તે શબ્દોને **કેવળપ્રયોગી** અવ્યય કહે છે. (જેનો માત્ર પ્રયોગ જ હોય છે તે કેવળપ્રયોગી.)

૧૭૮. કેવળપ્રયોગી અવ્યયના દાખલા:–વાહ, ઓહ, અરે,

અરે રે, ઓય, ઓય રે, રે, હાય,હાય હાય, ધિક, ઓ,છુ, છી, વાહ, વાહ, ખરે, ખરેખર, ચુપ, પોઇસ, ભલે, શાબાશ, ધન્ય ધન્ય, વારૂ, બસબસ.

૧૭૯. **શબ્દયોગી અવ્યય**—જે અવ્યય શબ્દને જોડાયલો હોય છે અને ક્રિયાપદ સાથે સંબંધ રાખે છે, તેને **શબ્દયોગી** અવ્યય કહે છે.

૧૮૦. શબ્દયોગી અવ્યય જે શબ્દને લાગેલો હોય, તે શબ્દ અને શબ્દયોગીની વચ્ચે છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય અથવા ને પ્રત્યય લાગેલો હોય છે, અથવા ને પ્રત્યયનો લોપ હોય છે, જેમ તે પોતાના બાપની સાથે આવ્યો; ટેબલ આગળ ચોપડી પડેલી છે, વાંચવાને કાજે ચોપડી લાવો.

૧૮૧. શબ્દયોગી અવ્યયના દાખલા:—અગાઉ, અગાડી, અંદર, આગળ, આરપાર, આસપાસ, ઉપર, ઉપરાંત, કને, ગમ, ગોડે, જોડે, તરફ, નીચે, પૂઠે, પૂંઠળ, પાર, પાછળ, પાસે, પછી, પછવાડે, પેહેલાં, પૂર્વે, પેઠે, બહાર, વાંસે, વચ્ચે, વતી, વિના, મધ્ય, માંહે, મારફત, સન્મુખ, સામા, સામું, સાથે, શિવાય, સુદ્ધાં, હેઠળ, હેઠે, કરતાં, વડે, વના, સહિત, સમીપ. (આમની આગળ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય આવે છે). અર્થે, કાજે, માટે, લીધે, વાસ્તે, કરીને, કારણે, બદલે, ત્યાં, (આમની આગળ ને આવે છે).

૧૮૨. **ક્રિયાવિશેષણ અવ્યય**—જે અવ્યય વખત, ઠેકાણું, રીત, નકાર, બતાવે અથવા જે શબ્દ ક્રિયાપદનો ગુણ બતલાવે છે, તે શબ્દને ક્રિયાવિશેષણ અવ્યય કહે છે.

૧૮૩. ક્રિયાવિશેષણ અવ્યયના દાખલા: (વખત બતાવનાર) હમણાં, અત્યારે, ક્યારે, જ્યારે, ત્યારે, તત્કાળ, પલકમાં, હવે, હમ્મેશાં આજ, કાલ, ઓણુ, પોહોર, પરાર, હાલ, કાદ, વળતી, હજી, તરત પ્રથમ, અંતે, આખરે, તેવામાં, પછી, પૂર્વે, પહેલાં, અગાઉ, અંતરે, સદા, રોજ, નિત્ય, જાથુક, નિરંતર, વારંવાર, ઘડીઘડી, દનદન, કવચિત.

(ઠેકાણું બતાવનાર) ત્યાં જ્યાં, કયાં, પાસે, નજીક, લગભગ, લગોલગ, દૂર, આઘે, વેગળે, છેટે, પૂઠે, પાછળ, પછવાડે, ઉપર, ઉંચે, નીચે, હેઠળ, મધ્ય, વચ્ચે, માંહે, અંદર, ઠેઠ, પેહેલો, છેલ્લો.

(રીત બતાવનાર) આમ, એમ, જેમ, કેમ, તેમ, હળવે, ધીમે.

નકાર બતાવનાર) ન, ના, ની, નો, માં.

(બીજા અવ્યય) થોડું, અલ્પ, જુજ, લગરીક, થોડું, ઘણું, બહુ, અધિક, બરાબર, ભલું, ઠીક, ખરૂં, ઓછું, નક્કી, બેશક, ઘણુંકરીને, તો એ, પણ, બી, રવાને, પ્રકટ, ઉત્પન્ન, પેદા, કરીને, ધમધમ.

૧૮૪. જે શબ્દ (વિશેષણ) ક્રિયાપદનો અર્થ પૂરો કરે છે, તે શબ્દ પણ ક્રિયાવિશેષણ અવ્યય છે. જેમ:-હવે વાત થોડી જ બાકી રહેલી છે; તેનો ખપ બહુ જાગે છે; તેને બદલે પૈસા એકઠા થશે; એમને સુધારી સદ્‌ગુણી ને સુખી કરીશ; તે ગાંડો થયો; હું ઘણું રમ્યો.

૧૮૫. કેટલાક શબ્દયોગી અવ્યયના દાખલા ક્રિયાવિશેષણ અવ્યયના દાખલામાં પણ આવે છે; પણ જો તે અવ્યયની આગળ છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગે, તો શબ્દયોગી અવ્યય જાણવું, નહિ તો ક્રિયા-

વિશેષણ અવ્યય જાણવું. જેમઃ-વાડ પાછળ ચોર ઉભો છે (શબ્દયોગી) હમે પાછળ ગયા (ક્રિયાવિશેષણ).

૧૮૬. પણ, તો, એ, એમનો અર્થ બી કે વળી થાય, તો ક્રિયાવિશેષણ અવ્યય જાણવું. જેમઃ-આજ પણ તેની મૂર્તિ છે; એક જણ તો રૂપીઆની ભરેલી કોથળી લાવ્યો; લોટો એ ગયો ને દુધ એ ગયું; ટળે તાપ પાપે (પાપએ), મળે જેથી મુક્તિ.

૧૮૭. પણ. (નામ) તેને હું જિતું તો ખરો એવું પણ લીધું. (ઉભયાન્વયી) તેણે બહુ બુમો પાડી પણ કોઈએ જવાબ દીધો નહી.

૧૮૮. હું બી ગયો; કૂતરો એ ગયોઃ આ ચોપડી જ મને ગમે છે; આ કામ કરો ની (આમાં બી, એ, જ, ની ક્રિયાવિશેષણ છે).

૧૮૯. માટેનો અર્થ તેથી થાય, તો તે ઉભયાન્વયી અવ્યય, અને જ્યારે માટેનો અર્થ સારૂં થાય, ત્યારે તે શબ્દયોગી અવ્યય જાણવું. જેમઃ-તે નાસી ન જાય માટે તેની ચોકી માટે એક ચોકીવાનને ઠેરાવ્યો. (પેહેલો માટે ઉભયાન્વયી અવ્યય, બીજો માટે શબ્દયોગી અવ્યય).

૧૯૦. કરીને જ્યારે કાંઈ કામ કરવાનો અર્થ બતાવે, ત્યારે તેને કૃદંત જાણવું. જેમઃ-તેણે સિંધ ઉપર હુમલો કરીને બધો મુલક જિતી લીધો.

'કરીને' નો અર્થ નામનું અથવા વતી થાય, ત્યારે તેને શબ્દયોગી અવ્યય જાણવું. જેમઃ-કચ્છના રણ આગળ પંચાસર કરીને એક નગર હતું; કલમે કરીને લખાયું.

૧૯૧. કરતાંનો અર્થ થી થાય અથવા બે ચીજનો મુકાબલો કરવાનો હોય ત્યારે તેને શબ્દયોગી અવ્યય જાણવું. જેમઃ–રણછોડ કરતાં ભગવાન મોટો છે.

કરતાં, વર્તમાન કૃદંત, જેમઃ–તે પ્રમાણે કરતાં કેટલાક જીવ ગયા.

કરતાં, ક્રિયાપદ; જેમ, તે છોકરા સવારમાં ઉઠીને રોજ બંદગી કરતાં.

૧૯૨. જે, સંબંધી સર્વનામ. જેમઃ–જે કરો, તે બરાબર કરજો.

જે, ઉભયાન્વયી અવ્યય. જેમઃ–લખવા કારણ એ જે (કે).

શું જ્યારે વાકયમાં સંબંધ વગર વપરાય, ત્યારે તેને કેવળપ્રયોગી અવ્યય જાણવું. જેમઃ–શું તમે આવું કરશો?

વારૂ પ્રશ્નરૂપ વપરાય, તો કેવળપ્રયોગી. જેમઃ–તમે વાંચશો વારુ? બીજે ઠેકાણે વારુ ક્રિયાવિશેષણ થાય છે. જેમઃ–વારુ મને એક રૂપીઓ આપો.

પરચુરણ નિયમો

૧૯૩. કર્તરીપ્રયોગનો કર્ત્તા પેહેલી વિભકિતમાં આવે છે, અને કર્મણીપ્રયોગમાં કર્મ પહેલી વિભકિતમાં આવે છે. જેમઃ–હું આવ્યો; મેં પૈસા આપ્યા.

૧૯૪. ગતિ, કાળ, પરિમાણ બતાવનારા શબ્દ અકર્મક ક્રિયાપદની સાથે આવે, તો તે પેહેલી વિભકિતમાં આવે છે. જેમઃ–હું બે ગાઉ ચાલ્યો; તે સુરત ગયો; તે પાંચ દિવસ રહ્યો.

૧૯૫. આખું વાકય ક્રિયાપદનો કર્ત્તા હોય, તો તેની વિભકિત પેહેલી થાય છે.

૧૯૬. કર્તરિપ્રયોગનું કર્મ તથા કર્મણિપ્રયોગનાં કર્મ બીજી વિભક્તિમાં આવે છે.

જેમઃ—હું ચોખા રાંધું છું; તેણે પાઠ વાંચ્યો. (પેહેલીને અર્થે બીજીમાં).

૧૯૭. કર્તરિપ્રયોગમાં જે ક્રિયાપદને બે કર્મ લાગે છે, તેમાંનું ઉપસ્થ કર્મ બીજી વિભક્તિમાં આવે છે, અને અનુપસ્થ કર્મ ચોથી વિભકિતમાં આવે છે.

જેમઃ—હું છોકરાને પૈસા આપું છું. (છોકરાને અનુપસ્થ અને પૈસા ઉપસ્થ કર્મ છે.) અને કર્મણિપ્રયોગમાં પણ ઉપસ્થ કર્મ બીજીમાં કે પેહેલીને અર્થે બીજી વિભકિતમાં આવે છે.

૧૯૮ કર્મણિપ્રયોગનો અને ભાવપ્રયોગનો કર્ત્તા ત્રીજી વિભકિતમાં આવે છે.

જેમઃ—તેણે આમ કર્યું; તારે બેસવું. (તેણે અને તારે ત્રીજી વિભકિત છે.)

૧૯૯. જે શબ્દ હથીઆર કે સાધન બતાવે, તેની ત્રીજી વિભક્તિ થાય છે.

જેમઃ—મેં લાકડીએ તેને માર્યો; આપણે કાને સાંભળીએ છીએ; મેં કલમે લખ્યું; તે ક્રોધે ભરાયો; તે કમોતે મર્યો; તે ઠંડીએ માંદો

પડયો; મેં આ રીતે કામ કર્યું; દશ રૂપીએ મણ ઘી મળે છે; રણછોડ નામે એક છોકરો હતો; આ ધણી અધિકારે ન્યાયાધિશ છે. આ દાખલામાં ક્રોધે, કમોતે, ઠંડીએ, રીતે, રૂપીએ, નામે, અધિકારે, એ શબ્દો ત્રીજી વિભકિતમાં છે.

૨૦૦ શબ્દયોગી 'કરીને' ની આગળનો શબ્દ ત્રીજી વિભકિતમાં વપરાય છે; જેમઃ તેણે કરીને એવું થયું.

૨૦૧ જે નામને છેડે ન આવેલો હોય અને તેની બીજી કે ચોથી વિભકિત કરવી હોય તો તે ન–ની આગળ ને મૂકવો.

જેમઃ–અલાઉદ્દીનને; પણ તેની ત્રીજી વિભકિત કરવી હોય, તો તે ન–ની ઉપર એક માત્રા કાઢવી. જેમઃ–અલાઉદ્દીને; અને જો તેની છઠ્ઠી વિભકિત કરવી હોય. તો તેની આગળ છઠ્ઠીનો પ્રત્યય મૂકવો. જેમ, અલાઉદ્દીનનો.

૨૦૨. આપ, દે, કહે, મોકલ, ભણાવ, શીખવ, માર, વગેરે ક્રિયાપદને બે કર્મ લાગે છે. એમાં જે અનુપસ્થ કર્મ હોય, તે ચોથી વિભકિતમાં આવે છે.

જેમઃ–હું તને વાત કહું છું; હું છોકરાને ભીખ આપું છું; તે મને પાઠ શીખવે છે.

૨૦૩. મને ભાસે છે, મને જણાય છે, મને દેખાય છે, મને ભૂખ લાગે છે, રાજાને દયા હોવી જોઇએ; એમાં, મને, રાજાને, ચોથી વિભકિત છે.

અથવા જે શબ્દને માટે, વાસ્તે, લીધે, કાજે, અર્થે, શબ્દ-યોગી અવ્યય લાગેલા હોય, તેને ચોથી વિભક્તિ લાગે છે.

વળી કોઇ વેળા કર્ત્તાની ચોથી વિભક્તિ હોય છે. (ટેલર સાહેબનું વ્યાકરણ કલમ ૯૮).

૨૦૪. સ્થળ, સમય, કારણ બતાવવું હોય, અથવા બે ચીજને સરખાવતા હોઇએ, તો પાંચમી વિભક્તિ આવે છે. કોઈ વખત ક્રિયા-પદનો કર્ત્તા પણ પાંચમી વિભક્તિમાં આવે છે.

જેમ:–મારાથી કામ કરાયું; મારાથી અવાયું; તેઓ સુરતથી નીકળી ચુકયા; તે કાલથી માંદો છે; દગાથી તે ફાવ્યો; મારાથી મારો ભાઈ નાનો છે.

૨૦૫. જે નામની સાથે શબ્દયોગી આવે, તે નામની વિભ-ક્તિ છઠ્ઠી થાય છે.

જેમ:–છોકરા પાસે; વાડી આગળ; આવ્યા પછી.

૨૦૬. છઠ્ઠી વિભક્તિ જૂદા જૂદા સંબંધ બતાવવાના કામમાં આવે છે.

જેમ:–છોકરાંનાં માબાપ; મારૂં ઘર; શેઠનો ચાકર; નદીનું માછલું; ઘરની દીવાલ; લોઢાની ખીલી; માણસનો ક્રોધ.

૨૦૭. સાતમી વિભક્તિનો પ્રત્યય એ અથવા માં છે. જો નામને એ વિભક્તિ લાગેલી હોય અને તેનો અર્થ ઉપર, પાસે, માં, આગળ, થતો હોય તો સાતમી વિભક્તિ કરવી.

જેમઃ—મારે હાથે ફોલ્લો છે; તે ખોળે બેઠો; હું ઘોડે બેસી આવ્યો; તે બંદીખાને પડ્યો; તેને માથે એક લાલ છત્ર છે; નદીએ પૂર આવ્યું છે; વાંદરો ઝાડે ચઢ્યો; તે ગાદીએ બેઠો; હું ચોથે માળે રહું છું.

૨૦૮. જ્યારે કોઇને નામ દઈ બોલાવતા હોઇએ, ત્યારે સંબોધનવિભક્તિ વપરાય છે.

જેમઃ—ઈશ્વર! મારો બચાવ કર; છોકરા! થોડું પાણી લાવ; ભાઇ! કેમ રડે છે?

૨૦૯. બીજું, એ સામાન્ય સર્વનામ થાય છે, જ્યારે તેનો અર્થ હરકોઈ બીજાને થાય છે.

જેમઃ—આ કલમ નઠારી છે, બીજી આપ.

૨૧૦. પેટમાં દુઃખે છે; ભાઇઓને બનતું નથી; મને સુરતમાં ગમે છે; જાણે મોટા શાહુકાર જ તો. આ વાકયોમાં દુઃખે છે, બનતું નથી, જાણે અને ગમે છે, એ શબ્દો ભાવકર્તૃક છે.

મારૂં પેટ દુઃખે છે; આ લાકડી મને ગમે છે; તે કામ મારાથી બનતું નથી; તે જાણે કે હું નિર્બળ છું. એમાં દુઃખે છે, ગમે છે, ને બનતું નથી; અકર્મક ક્રિયાપદ છે; અને જાણે સકર્મક ક્રિયાપદ છે.

૨૧૧ એક વચનનું નામ માનાર્થે વપરાય, તો તે બહુવચનમાં લેવું. જેમઃ—શેઠ આવ્યા.

૨૧૨. જ્યારે આખા વાકય માટે એ દર્શક સર્વનામ મૂકવામાં આવે છે, ત્યારે તે એ નાન્યતરજાતિ એકવચનમાં રહે છે.

જેમ:–તમે હમ્મેશ આળસુ રહો, એ ઠીક નહી; ગરીબોનો બચાવ કરવો, એ સારૂં છે.

૨૧૩. એક એકને મદદ કરશે, એક બીજાથી જૂદા બેસો. એ બેઉ એક કર્ત્તા રૂપે આવ્યા છે, અને એકને તથા બીજાથી અનુક્રમે ચોથી તથા પાંચમી વિભક્તિમાં છે.

૨૧૪. જયારે વિશેષણ ક્રિયાપદ જોડે આવીને ક્રિયાપદના અર્થમાં વધારો કરે છે અને ક્રિયાનાથનો ગુણ બતલાવે છે, ત્યારે તેને ક્રિયાયોગી વિશેષણ કહે છે.

જેમ:–તેનું દિલ ખાટું થયું; રૈયત દુઃખી થઇ; બાપાએ મને સુખી અને સદ્ગુણી કર્યો; તે નરમ પડયો; ઘર નવું થયું; એનો મિત્ર ગુનેહગાર ઠર્યો; એમાં હું કર્ત્તા છે.

સમાસ

૨૧૬. સમાસ: બે કે વધારે શબ્દ સાથે મળવાથી જે એક શબ્દ બને છે, તેને સમાસ કહે છે.

જેમ કે:–માબાપ, રાજપુત્ર, જળચર.

૨૧૭. સામાન્ય રીતે સમાસમાં છેલ્લા પદને જાતિ, વચન, ને વિભકિતના પ્રત્યયો લાગે છે.

૨૧૮. સમાસના પેહેલા શબ્દને પૂર્વપદ, વચલા શબ્દને મધ્યમ-પદ, અને છેલ્લા શબ્દને ઉત્તરપદ કહે છે.

૨૧૯. સામાસિક શબ્દમાં આવેલા શબ્દોને છૂટા કરીને તેમનો અર્થ જણાવવો, તેને **વિગ્રહ** કહે છે.

જેમઃ–માબાપના–મા અને બાપ; જા આવના–જા અને આવ.

૨૨૦. સમાસના ચાર પ્રકાર છેઃ ૧ દ્વંદ્વ, ૨ તત્પુરૂષ, ૩ બહુ-વ્રીહી અને ૪ અવ્યયીભાવ.

૨૨૧. દ્વંદ્વ સમાસઃ આ સમાસમાં બધાં નામ એક જ વિભક્તિનાં હોય છે. (દ્વન્દ્વ એટલે જોડકું, એમાં બે કે, વધારે પદ સરખા દરજ્જાનાં હોય છે.)

જેમ કેઃ–માબાપ, દાળભાત, સાચુંજૂઠું.

૨૨૨. દિનરાત, ઘેરેઘેર, મુકામે મુકામે, એ શબ્દો ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે, પણ એમાં પહેલું પદ અવ્યય ન હોવાથી તે અવ્યયી ભાવ સમાસ ગણાતો નથી.

૨૨૩. તત્પુરૂષ સમાસઃ–આ સમાસમાં બે નામ આવે છે. પૂર્વપદમાં અને ઉત્તરપદમાં જે સંબંધ હોય છે, તે અધ્યાહાર વિભક્તિથી જણાય છે. જેમકેઃ–ગ્રંથકર્ત્તા, મૂર્ખમાર, જનરથ, ભૂખપીડા, રાજપુત્ર, સ્વર્ગવાસ.

૨૨૪. કર્મધારય સમાસઃ–આ સમાસમાં પૂર્વપદ વિશેષણ હોય છે. જેમ કેઃ—મહાદેવ, પરમાર્થ. (એક ક્રિયા સાથે સંબંધ ધરાવનાર પદોનો સમાસ હોય તે કર્મધારય સમાસ

૨૨૫. દ્વિગુ સમાસઃ—આ સમાસમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે. જેમકેઃ–ત્રિલોક, ચતુર્વેદ; સપ્ત પાતાલ; અષ્ટકુલ નાગ.

૨૨૬. મધ્યમપદ લોપી સમાસઃ—આ સમાસમાં મધ્યમ પદનો લોપ થાય છે (જતો રહેલો હોય છે). જેમ કેઃ—આગગાડી, કાળીદાસનાટક.

૨૨૭ અવ્યયીભાવ સમાસઃ—આ સમાસમાં પૂર્વપદ અવ્યય હોય છે. જેમ કેઃ—પ્રતિમાસ, સમક્ષ, અસંશય.

૨૨૮. બહુવ્રીહિ સમાસઃ—આ સમાસમાં આખો સમાસ વિશેષણ રૂપે આવે છે. જેમ કેઃ—વનચર પશુ, ગોલાકાર પદાર્થ.

૨૨૯. નકારવાચક પહેલું પદ જે સમાસમાં હોય તે નઞ તત્પુરૂષ સમાસ કહેવાય છે. જેમઃ અધર્મ, અણજાણ્યું, અજુગતું.

વિરામચિહ્ન

૨૩૦. કોઈ વાક્ય બોલતાં આપણો મનનો અર્થ બરાબર જણાવવા માટે આપણે જૂદેજૂદે ઠેકાણે જૂદીજૂદી રીતે અટકીએ છીએ; એમ અટકવાને, વિરામ લેવાને વિરામ કહે છે. લખેલી ભાષામાં કેટલે ઠેકાણે અટકવાને જે ચિહ્ન મૂકવામાં આવે છે, તેને વિરામચિહ્ન કહે છે.

૨૩૧. વિરામચિહ્ન નીચે પ્રમાણે છેઃ—

, અલ્પવિરામ (લઘુ વિરામ)

; અર્ધવિરામ (ગુરૂ વિરામ)

: વૃદ્ધ વિરામ

. પૂર્ણ વિરામ (ટાંપ)

! પ્રશ્નચિહ્ન

! ઉદ્ગારચિહ્ન (આશ્ચર્યટાંપ)

" " અવતરણ ચિહ્ન

( ) [ ] કૌંસ

- સંયોગચિહ્ન (લઘુરેખા)

— ગુરૂરેખા.

પદચ્છેદ કરતી વખત ધ્યાનમાં રાખવા જોગ નિયમો

૨૩૨. પદચ્છેદ એટલે વાકયના જૂદા જૂદા શબ્દના વર્ગ, જાતિ, વિભક્તિ, વચન, ભેદ, કાળ, વગેરે કહેવું, તથા તે શબ્દ એક બીજા સાથે શો સંબંધ રાખે છે, તે દેખાડવું, તેને પદચ્છેદ કહે છે.

શબ્દના વર્ગ સંપૂર્ણ રીતે ઓળખવા જોઇએ, કારણ કે શબ્દના વર્ગ જાણવા, એ પદચ્છેદનો પાયો છે.

શબ્દનું પદચ્છેદ કરતી વખતે આખું વાકય વાંચી તેનો શો સંબંધ છે, તે બરાબર ધ્યાનમાં લઇને પછી પદચ્છેદ કરવું.

૨૩૩. ક્રિયાનાથ જથ્થો બતાવે, તો ક્રિયાપદ એકવચનમાં આવે છે.

જેમઃ—મહમૂદે પુષ્કળ પૈસો મેળવ્યો.

ક્રિયાનાથ એકવચનમાં હોય, પણ માનને અર્થે વપરાયલો હોય, તો ક્રિયાપદ બહુવચનમાં આવે છે.

જેમઃ—મેહેતાજી બેઠા; શેઠાણી આવ્યાં.

એક જ જાતિનાં બે કે વધારે નામ ક્રિયાનાથ હોય, તો ક્રિયાપદ તે જ જાતિમાં બહુવચનમાં આવે છે.

જેમઃ—મેહેતાજીએ રણછોડને અને મણિલાલને માર્યા; મેહેતાજી અને લાલજી વર્ગમાં હાજર થયા.

જૂદી જૂદી જાતિનાં નામ ક્રિયાનાથ હોય, તો ક્રિયાપદ અને વિશેષણ નાન્યતરજાતિ અને બહુવચનમાં આવે છે.

જેમઃ—તેનો દીકરો તથા દીકરી સારાં છે. તેનો ભાઈ અને બેન શીખેલાં છે.

ક્રિયાનાથ બે કે વધારે નામ હોય અને તેમની વચ્ચે કે, અથવા, અને આવે, તો ક્રિયાપદ છેલ્લા નામ સાથે બધી વાતે સંબંધ રાખે છે. જેમઃ—ભાઈ અથવા બેન આવી હોત તો સારૂં થાત.

૨૩૪. નામનું પદચ્છેદ કરતાં તે કઈ જાતનું નામ, પછી જાતિ, વિભકિત અને વચન કહેવું.

૨૩૫. સર્વનામનું પદચ્છેદ કરતાં તે કઈ જાતનું સર્વનામ, પછી જાતિ, વિભકિત, અને વચન કહેવું.

૨૩૬. વિશેષણનું પદચ્છેદ કરતાં તેના વિશેષ્ય પ્રમાણે જાતિ, વિભકિત, અને વચન કહેવું.

૨૩૭. ક્રિયાપદનું પદચ્છેદ કરતાં સકર્મક કે અકર્મક ક્રિયાપદ, પછી ધાતુ, ભેદ, કાળ, પુરુષ, જાતિ, વચન, કર્ત્તા, કર્મ હોય તો કર્મ, અને યોગ કહેવો.

પદચ્છેદ

(૧) તારાથી શું થવાનું છે?

તારાથી—બીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, પાંચમીનું એકવચન.
શું—પ્રશ્નાર્થક સવનામ, નાન્યતરજાતિ, પેહેલીનું એકવચન.
થવાનું—કૃદંત નામ.
છે—અકર્મક ક્રિયાપદ, છ ધાતુ, મૂળભેદ, વર્તમાન કાળ, ત્રીજો પુરૂષ, નાન્યતર જાતિ, એકવચન, શું કર્ત્તા, કર્તરિપ્રયોગ.

(૨) તે હરીઆને સમજાઈ નહી.

તે—ત્રીજો પુરૂષ સર્વનામ, નારીજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
હરીઆને—વિશેષનામ, નરજાતિ, ચોથીનું એકવચન.
સમજાઇ—સકર્મક ક્રિયાપદ, સમજ ધાતુ, સહ્યભેદ, ભૂતકાળ, ત્રીજો પુરૂષ, નારીજાતિ, એકવચન, હરીઆને કર્ત્તા, તે કર્મ, કર્મણિ-પ્રયોગ. (ટેલર સાહેબનું નાનું વ્યાકરણ. કલમ ૯૮).
નહી—નકારવાચક ક્રિયાવિશેષણ અવ્યય.

(૩) આ બોલીએ હું તને રાખું છું.

આ—દર્શક વિશેષણ, નારીજાતિ, ત્રીજીનું એકવચન.
બોલીએ—ભાવવાચક નામ, નારીજાતિ, ત્રીજીનું એકવચન.
હું—પેહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, પેહેલીનું એકવચન.
તને—બીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, બીજીનું એકવચન.

રાખું છું—સકર્મક ક્રિયાપદ, રાખ ધાતુ, મૂળભેદ, વર્તમાનકાળ, પેહેલો પુરૂષ, સામાન્ય જાતિ, એકવચન, હું કર્ત્તા, તને કર્મ, કર્તરિપ્રયોગ

(૪) સારૂં થયું તમે આવ્યા તો.

સારૂં—ક્રિયાવિશેષણ અવ્યય.

થયું—અકર્મક ક્રિયાપદ, થા ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, થાનાર કર્ત્તા, કર્તરિપ્રયોગ.

તમે—બીજો પુરુષ સર્વનામ, નરજાતિ, પેહેલીનું બહુવચન.

આવ્યા—અકર્મક ક્રિયાપદ, આવ ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરુષ, નરજાતિ, બહુવચન, તમે કર્ત્તા, કર્તરિપ્રયોગ.

તો—ક્રિયાવિશેષણ અવ્યય.

(૫) હું તને જવા દઈશ.

હું—પેહેલો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, પેહેલીનું એકવચન.

તને—બીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, બીજીનું એકવચન.

જવા દઈશ—સકર્મક સંયુક્ત ક્રિયાપદ, જા ધાતુ, (જવા દે) મૂળભેદ ભવિષ્યકાળ, ત્રીજો પુરુષ, સામાન્ય જાતિ, એકવચન, હું કર્તા, તને કર્મ, કર્તરિપ્રયોગ.

(૬) એણે દયામણું મ્હોં કર્યું.

એણે—દર્શક સર્વનામ, સામાન્ય જાતિ, ત્રીજીનું એકવચન.

દયામણું—ગુણવાચક વિશેષણ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.

મ્હોં—સામાન્ય નામ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
કર્યું—સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, એણે કર્તા, મોં કર્મ, કર્મણિપ્રયોગ.

(૭) એ બંને જણ પકડાઇને માર્યાં ગયાં.

એ—દર્શક વિશેષણ, નાન્યતરજાતિ. બીજીને અર્થે પેહેલીનું બહુવચન.
બંને—સંખ્યાવાચક વિશેષણ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું બહુવચન.
જણ—સામાન્ય નામ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું બહુવચન
પકડાઇને—કૃદંત અવ્યય.
માર્યાં ગયાં—સંયુક્ત સકર્મક ક્રિયાપદ, માર ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, બહુવચન, તેથી અધ્યાહાર કર્તા, જણ કર્મ, કર્મણિપ્રયોગ.

(૮) તે આવી ઉભો.

તે—ત્રીજો પુરુષ સર્વનામ, નરજાતિ, પેહેલીનું એકવચન.
આવી—કૃદંતઅવ્યય.
ઉભો—અકર્મક ક્રિયાપદ, ઉભ ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, તે કર્ત્તા, કર્તરિપ્રયોગ.

(૯) તે ઉભો થયો.

તે—ત્રીજો પુરુષ સર્વનામ, નરજાતિ, પેહેલીનુ એકવચન.
ઉભો—કૃદંત.

(૧૦) સાસુ અને વહુ રોજ કજીઓ કરતાં.

સાસુ--સામાન્ય નામ, નારીજાતિ, પેહેલીનું એકવચન.
અને—ઉભયાન્વયી અવ્યય.
વહુ—સામાન્ય નામ, નારીજાતિ, પેહેલીનું એકવચન.
રોજ—ક્રિયાવિશેષણ અવ્યય.
કજીઓ—ભાવવાચક નામ, નરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
કરતાં—સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, મૂળભેદ, અનિયમિત ભૂતકાળ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, બહુવચન. સાસુ તથા વહુ કર્ત્તા, કજીઓ કર્મ, કર્તરિપ્રયોગ.

(૧૧) તેમને બનતું નથી.

તેમને—ત્રીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું બહુવચન.
બનતું નથી—અકર્મક ક્રિયાપદ, બન ધાતુ, મૂળભેદ, દ્વિત્વ વર્તમાનકાળ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, બહુવચન.

(૧૨) તમે કોણ છો ?

તમે—બીજો પુરુષ સર્વનામ, સામાન્ય જાતિ, પેહેલીનું બહુવચન.
કોણ—પ્રશ્નાર્થક સર્વનામ, સામાન્ય જાતિ, પેહેલીનું બહુવચન.
છો—અકર્મક ક્રિયાપદ, છ ધાતુ, મૂળભેદ, વર્તમાન કાળ, બીજો પુરુષ સામાન્ય જાતિ, બહુવચન, તમે કર્ત્તા, કર્તરિપ્રયોગ.

(૧૩) એશિયા ખંડ ઘણો મોટો છે.

એશિયા ખંડ—વિશેષનામ, નરજાતિ, પેહેલીનું એકવચન.

ઘણો—ક્રિયાવિશેષણ અવ્યય.

મોટો—ગુણવાચક વિશેષણ, નરજાતિ, પેહેલીનું એકવચન.

છે—અકર્મક ક્રિયાપદ, છ ધાતુ, મૂળભેદ, વર્તમાનકાળ, ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, એશિયાખંડ કર્ત્તા, કર્તરિપ્રયોગ.

(૧૪) ઉપર કહેલા બધા ઉપાય ધ્યાનમાં રાખવા.

ઉપર—ક્રિયાવિશેષણ અવ્યય.

કહેલા—કૃદંત વિશેષણ.

બધા—સામાન્યવિશેષણ, નરજાતિ, બીજીને અર્થે પેહેલીનું બહુવચન.

ઉપાય—ભાવવાચક નામ, નરજાતિ, બીજીને અર્થે પેહેલીનું બહુવચન.

ધ્યાનમાં—ભાવવાચક નામ, નાન્યતરજાતિ, સાતમીનું એકવચન.

રાખવા—સકર્મક ક્રિયાપદ, રાખ ધાતુ, મૂળભેદ, વિધિવર્તમાન કાળ, ત્રીજો પુરુષ, નરજાતિ, બહુવચન, તમે અધ્યાહાર કર્ત્તા, ઉપાય કર્મ, કર્મણિપ્રયોગ.

(૧૫) મોરારે કહ્યું: ભાઈ! આજ તેં મને કાળના મોંઢામાંથી છોડવ્યા બરાબર કર્યું છે; એ ટટ્ટુ ન પકડાયું હોત, તો મારૂં મોત જ હતું.

મોરારે—વિશેષનામ, નરજાતિ, ત્રીજીનું એકવચન.

થયો—અકર્મક ક્રિયાપદ, થા ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરુષ, નરજાતિ, એકવચન, તે કર્ત્તા, કર્તરિપ્રયોગ.

કહ્યું—સકર્મક ક્રિયાપદ, કહે ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરુષ, નાન્યતરજાતિ, એકવચન, મોરારે કર્ત્તા, ભાઈ-હતું કર્મ, કર્માણપ્રયોગ.

ભાઈ—સામાન્ય નામ, નરજાતિ, સંબોધનનું એકવચન.
આજ—ક્રિયાવિશેષણ અવ્યય.
તેં—બીજો પુરૂષ સર્વનામ, નરજાતિ, ત્રીજીનું એકવચન.
મને—પેહેલો પુરૂષ સર્વનામ, નરજાતિ, ત્રીજીનું એકવચન.
કાળના—ભાવવાચક નામ, નરજાત, છઠ્ઠીનું એકવચન,
મોંઢામાંથી—સામાન્ય નામ, નાન્યરજાતિ, સાતમી સાથે પાંચમીનું એકવચન.
છોડવ્યા—ભૂતકૃદંત.
બરાબર—શબ્દયોગી અવ્યય.
કર્યું છે—સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, મૂળભેદ, ભૂતવર્ત્તમાનકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, તે કર્ત્તા, કરવાનું કર્મ, કર્મણિપ્રયોગ.
એ—દર્શક વિશેષણ, નાન્યતરજાત, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
ટકું—સામાન્ય નામ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
ન—ક્રિયાવિશેષણ અવ્યય.
પકડાયું હોત—સકર્મક ક્રિયાપદ, પકડ ધાતુ, સહ્યભેદ, ભૂતસંકેતભૂતકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, તારાથી અધ્યાહાર કર્ત્તા, ટકું કર્મ, કર્મણિપ્રયોગ.
તો—ઉભયાન્વયી અવ્યય.
મારૂં—પેહેલો પુરૂષ સર્વનામ, નરજાતિ, છઠ્ઠીનું એકવચન.
મોત—ભાવવાચક નામ, નાન્યતરજાતિ, પેહેલીનું એકવચન
જ—ક્રિયાવિશેષણ અવ્યય

હતું—અકર્મક ક્રિયાપદ, હો ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, મોત કર્ત્તા, કર્ત્તરિપ્રયોગ.

(૧૬) મોરારને તેનો પાડ માનવો પડયો.

મોરારને—વિશેષનામ, નરજાતિ, ચોથીનું એકવચન.

તેનો—ત્રીજો પુરૂષ સર્વનામ, નરજાતિ, છઠ્ઠીનું એકવચન.

પાડ—ભાવવાચક નામ. નરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.

માનવો પડયો—સકર્મક ક્રિયાપદ, માનવો પડ ધાતુ, મૂળભેદ, ભવિષ્ય-ભૂતકાળ, ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, મોરારને કર્ત્તા, પાડ કર્મ, કર્મણિપ્રયોગ, (ટેલર સાહેબનું નાનું વ્યાકરણ કલમ ૯૮) (અથવા)

માનવો—કૃદંત નામ.

પડયો—અકર્મક ક્રિયાપદ, કર્તા પાડ.

(૧૭) તોફાન કરવું રાજારામને ગમે નહી

તોફાન—ભાવવાચક નામ, નાન્યતર જાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.

કરવું—કૃદંતનામ.

રાજારામને—વિશેષનામ, નરજાતિ, ચોથીનું એકવચન.

ગમે—અકર્મક ક્રિયાપદ, ગમ ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્તમાનકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, તોફાન કરવું કર્તા, કર્તરિપ્રયોગ.

નહી—ક્રિયાવિશેષણ અવ્યય.

(૧૮) તેણે ચોખ્ખી ના કહી.

તેણે—ત્રીજો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, ત્રીજીનું એકવચન.
ચોખ્ખી—ગુણવાચક વિશેષણ, નારીજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
ના—ભાવવાચક નામ, નારીજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
કહી—સકર્મક ક્રિયાપદ, કહે ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરૂષ, નારીજાતિ, એકવચન, તેણે કર્ત્તા, ના કર્મ, કર્મણિપ્રયોગ.

(૧૯) મને કશું એ કામ કરવું ન પડે.

મને—પહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, ચોથીનું વચન.
કશું—સામાન્ય વિશેષણ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
એ—ક્રિયાવિશેષણ અવ્યય
કામ—સામાન્ય નામ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન
કરવું—કૃદંત નામ.
ન—ક્રિયાવિશેષણ અવ્યય.
પડે—અકર્મક ક્રિયાપદ, પડ ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્તમાનકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, કરવું કર્ત્તા, કર્તરિપ્રયોગ.

(૨૦.) હજારો વહાણોને જવા જાણે એક મોટો ધોરી રસ્તો હોય.

હજારો—સંખ્યાવાચક વિશેષણ, નાન્યતરજાતિ, ચોથીનું બહુવચન.
વહાણોને—સામાન્ય નામ, નાન્યતરજાતિ, ચોથીનું બહુવચન.
જવા—કૃદંતનામ.
જાણે—સકર્મક ક્રિયાપદ,જાણ ધાતુ, મૂળભેદ,અનિયમિત વતમાનકાળ, ત્રીજો પુરૂષ, સામાન્ય જાતિ. એકવચન, કોઇ અધ્યાહાર કર્ત્તા, એક...હોય કર્મ, કર્તરિપ્રયોગ [અથવા અકર્તૃક ક્રિયાપદ].
એક—સંખ્યાવાચક વિશેષણ, નરજાતિ, પેહેલીનું એકવચન.
મોટો—ગુણવાચક વિશેષણ, નરજાતિ, પેહેલીનું એકવચન.
ધોરી—ગુણવાચક વિશેષણ, નરજાતિ, પેહેલીનું એકવચન.
રસ્તો—સામાન્ય નામ, નરજાતિ, પેહેલીનું એકવચન.
હોય—અકર્મક ક્રિયાપદ, હો ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્તમાનકાળ, ત્રીજો પુરૂષ,નરજાતિ, એકવચન, રસ્તો કર્ત્તા, કર્તરિપ્રયોગ.

(૨૧) ચાલો રમત જોઇએ.

ચાલો—અકર્મક ક્રિયાપદ,ચાલ ધાતુ,મૂળભેદ,અનિયમિત વર્તમાનકાળ, બીજો પુરૂષ, સામાન્યજાતિ, બહુવચન, તમે કર્ત્તા, કર્તરિપ્રયોગ.
રમત—સામાન્ય નામ, નારીજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.
જોઇએ—સકર્મક ક્રિયાપદ, જો ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્તમાનકાળ, પેહેલો પુરૂષ, સામાન્ય જાતિ, બહુવચન, આપણે કર્તા, રમત કર્મ, કર્તરિપ્રયોગ.

(૨૨) ઈ૦ સ૦ ૧૩૯૮ માં તૈમુરે દિલ્લી શેહેર ઉજ્જડ કર્યું.

ઈ૦ સ૦—સામાન્ય નામ, નરજાતિ, સાતમીનું એકવચન.

૧૩૯૮—સંખ્યા અનુક્રમ વિશેષણ, નરજાતિ, સાતમીનું એકવચન.

તૈમુરે—વિશેષનામ, નરજાતિ, સાતમીનું એકવચન.

દિલ્લી શેહેર—વિશેષનામ, નાન્યતરજાતિ, બીજીને અર્થે પેહેલીનું એકવચન.

ઉજ્જડ—ક્રિયાવિશેષણ અવ્યય.

કર્યું—સકર્મક ક્રિયાપદ, કર ધાતુ, મૂળભેદ, ભૂતકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, તૈમુરે કર્ત્તા, દિલ્લી શેહેર કર્મ, કર્મણિ-પ્રયોગ.

(૨૩) મારે લાડુ જોઈએ.

મારે—પેહેલો પુરૂષ સર્વનામ, સામાન્યજાતિ, ચોથીનું એકવચન.

લાડુ—સામાન્યનામ, પેહેલીનું એકવચન.

જોઈએ—અકર્મક ક્રિયાપદ, જોઈએ ધાતુ, મૂળભેદ, અનિયમિત વર્તમાનકાળ, ત્રીજો પુરૂષ, નરજાતિ, એકવચન, લાડુ કર્ત્તા, કર્તરિપ્રયોગ.

સમાપ્ત